## સુવિચાર

બીજા કોઈપણ સદ્‌ગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદ્‌ગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ખાંભાના નાનાવિસાવદર ગામે એસએમસીનો દરોડોઃ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે P-4

Year-16, Issue-218 ■ DATE : 27-12-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પંજાબ નેશનલ બેંક સાથે રૂ.૨૪૦૦ કરોડથી વધુનું ફ્રોડ




## SREI ગ્રુપની બે કંપનીઓએ બેંકને ખાડામાં ઉતારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પંજાબ નેશનલ બેંકએ શુક્રવારે એક મોટો ખુલાસો કર્યો. જાહેર ક્ષેત્રની બેંકે ભારતીય રિઝર્વ બેંકને રૂ.૨,૪૩૪ કરોડની મોટી લોન લેનારા સાથે છેતરપિંડી અંગે જાણ કરી છે. આ કેસમાં SREI ઇક્વિપમેન્ટ ફાઇનાન્સ અને લ્ય્ચ્ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સના ભૂતપૂર્વ પ્રમોટરોનો સમાવેશ થાય છે. પીએનબીએ જણાવ્યું હતું કે SEFL સંબંધિત છેતરપિંડી રૂ.૧,૨૪૦.૯૪ કરોડની છે, અને બેંકે સમગ્ર રકમ માટે જોગવાઈઓ કરી છે. દરમિયાન, SIFL સંબંધિત કેસ રૂ.૧,૧૯૩.૦૬ કરોડનો છે. પીએનબીએ આ માટે પણ સંપૂર્ણ જોગવાઈ કરી છે.

આ બંને કંપનીઓનો નેશનલ કંપની એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા કોર્પોરેટ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ હેઠળ સફળતાપૂર્વક ઉકેલ લાવવામાં આવ્યો છે. PNB એ બજાર બંધ થયા પછી આ માહિતી આપી હતી. આ દિવસે નેશનલ સ્ટોક એક્સચેન્જ પર બેંકના શેર ૦.૬% ઘટીને રૂ.૧૨૦.૨૫ પર બંધ થયા.

PNB એક જાહેર ક્ષેત્રની બેંક છે. આ કેસમાં SEFL અને SIFLના અગાઉ પ્રમોટર હતા તેવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. બેંકે સ્પષ્ટતા કરી છે કે તેણે SEFL સંબંધિત રૂ.૧,૨૪૦.૯૪ કરોડના કેસ માટે ૧૦૦% જોગવાઈ કરી છે. આનો અર્થ એ છે કે બેંકે આ નુકસાનને પહોંચી વળવા માટે ભંડોળ અલગ રાખ્યું છે.

તેવી જ રીતે, PNB એ SIFL સંબંધિત રૂ.૧,૧૯૩.૦૬ કરોડની સંપૂર્ણ રકમ માટે જોગવાઈ કરી છે. બંને કંપનીઓ હવે નાદારી નિરાકરણ પ્રક્રિયામાંથી પસાર થઈ છે અને NCLT દ્વારા તેનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

રિઝર્વ બેન્કે તેઓને કંપનીઓના બોર્ડમાંથી દુર કર્યા છે. આ કંપની ૧૯૮૯માં બાંધકામ સંબંધી મશીનરી વિ. ફાયનાન્સમાં જોડાયેલી હતી. હવે આ કંપનીને અપાયેલુ ધિરાણ ફ્રોડ જાહેર થતા જ તેમાં પ્રમોટર સામે કાનુની કાર્યવાહી થવાની ધારણા છે.

બીજી તરફ પંજાબ નેશનલ બેન્કે દાવો કર્યો છે કે તેમાં કુલ એનપીએ (નોનપર્ફોમીંગ રેશિયા-બેન્કના ડૂબતા નાણાનો ગુણોતર) ૧૦૩ પોઈન્ટ સુધર્યા છે. જે ૧ વર્ષ પુર્વે ૪.૪૮% હતો તે ૩.૪૫% થયો છે. બેન્કની ડિપોઝીટ રૂા.૭૪૨૧૫ કરોડ છે અને સેવિંગ્સ ડિપોઝીટ રૂા.૫૦૮૯૬૪ કરોડ છે.

# સહકારી બેંકો પર RBIએ થાપણ આધારીત નિયંત્રણો લાદયા




**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશમાં શહેરી સહકારી બેન્કોના વધતા જતા વ્યાપ તથા અનેક બેન્કો હવે મલ્ટીસ્ટેટ બેન્ક તરીકે એકથી વધુ રાજયોમાં તેમની કામગીરી વધારી રહી છે તે સાથે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આ શહેરી સહકારી બેન્કોને તેની થાપણ મુજબના વર્ગીકરણમાં મુકી તે મુજબ બેન્કો માટે મૂડી પ્રાપ્યતા તથા નિયમન અને આરબીઆઈના નિયંત્રણો અમલમાં આવે તે નિશ્ચિત કર્યુ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ બેન્કોના વ્યાપાર સંબંધી વિસ્તૃતીકરણને જે રીતે નવી માર્ગરેખા હેઠળ મુકયા છે જેના કારણે તેના ભવિષ્યના વધુ બ્રાન્ચ-ધિરાણમાં વધારા તથા એકંદર બેન્કની વૃદ્ધિને બ્રેક લાગી શકે છે.

હવે શહેરી સહકારી બેન્કો પર તેની થાપણો મુજબ એટલે કે રૂા.૧૦૦ કરોડ, રૂા.૧૦૦૦ કરોડ અને રૂા.૧૦૦૦૦ કરોડ એમ ત્રણ વર્ગમાં વહેચીને તેના આધારિત નિયમન દાખલ કર્યુ છે અને તે મુજબ બેન્કોની મૂડી પર્યાપ્તતા નિશ્ચિત થશે.

જેમાં રૂા.૧૦૦૦ કરોડથી વધુની થાપણ વધુની મૂડી ધરાવતી બેન્કોએ તેનો કેપીટલ પર્યાપ્તતા (આવશ્યકતા) રેશિયો ૩% હોવો જરૂરી છે. ખાસ કરીને શહેરી-સહકારી બેન્કો જેમાં નબળી-કાચી પડવાની સ્થિતિ વધતી જાય છે અને તેના કારણે થાપણદારોની જંગી રકમ ફસાય જાય છે જેમાં પણ ધિરાણમાં વ્યાપક ગેરરીતિ, ભ્રષ્ટાચાર વિ. પણ જોવા મળે છે તે સ્થિતિ બદલવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આ નવા નિયમનો દાખલ કર્યા છે.

■ થાપણદારોના નાણા પર જ બેંક ચાલતી હોવાથી જોખમ વધુ હોવાનો અભ્યાસ

જેમ જેમ બેન્કોમાં થાપણ વધતી જાય અને આરબીઆઈએ નિશ્ચિત કરેલી વર્ગીકરણ રેખા પાર કરે કે તુર્તજ તેના માટે વધુ ઉચ્ચ દરજજાના સંચાલન માપદંડ નિશ્ચિત થઈ જશે. તેમાં પગારદારોની સહકારી સંખ્યા સહિતની રૂા.૧૦૦ કરોડની થાપણો પ્રથમ વર્ગમાં રૂા.૧૦૦ કરોડથી રૂા.૧૦૦૦ કરોડની થાપણો બીજા વર્ગમાં અને રૂા.૧૦૦૦ કરોડથી વધુ અને રૂા.૧૦૦૦૦ કરોડની થાપણો ધરાવતી બેન્ક ત્રીજા વર્ગમાં આવશે.

આ માટે બેન્કોએ થાપણ આધારીત જોખમો માટેનો અસ્કયામત (એસેટસ) રેશિયો જેને સીઆરએઆર તરીકે ઓળખવામાં આવે છે તે વધુ થાપણોમાં વધુ ઉંચો જાળવવો પડશે. ખાસ કરીને રૂા.૧૦૦૦ કરોડથી રૂા.૧૦૦૦૦ કરોડની થાપણો ધરાવતી શહેરી સહકારી બેન્કો માટે તે વધુ આકરા માપદંડ અમલમાં રહેશે.

આ બેન્કો મહત્વપૂર્ણ રીતે બજારમાંથી મૂડી ઉઘરાવવા કરતા તેના થાપણદારોના નાણાના આધારે જ ચાલતી હોય છે જેથી જોખમનું પ્રમાણ વધી જાય છે. આરબીઆઈના આ નવા નિયમથી સહકારી બેન્કોના સંચાલન ખર્ચ ૨૦ ટકા જેટલા વધી જશે.

બેન્કોની શાખ વિ. વધારવા માટે અગાઉ રિઝર્વ બેન્ક એક તબકકા બાદ જે રીતે ફકત આરબીઆઈને જાણ કરવાની જ આવશ્યકતા હતી તેમાં હવે થાપણોનો માપદંડ મહત્વનો બની જશે અને નિયમોનું પાલન કરવા માટે બેન્કોના કોમ્લાયન્સ કોસ્ટ- ૨૦% વધી જશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૬/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |






| Today Rate | સોનુ (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | ચાંદી (૧ કિલો) |
|---|---|---|
| | ₹૧,૪૧,૨૭૦ | ₹૨,૫૧,૦૦૦ |
| | +૧૨૦૦ | +૧૧,૦૦૦ |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૮૧ | ₹૧૨૧.૨૦ |

# ચાઈનીઝ દોરી વેચી તો હવે થશે જેલઃ હાઈકોર્ટ આકરા પાણીએ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઉત્તરાયણ પર્વમાં વેપારીઓ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને તુક્કલનું બેફામ વેચાણ થઈ રહ્યું છે. જો કે આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આકરૂ વલણ અખત્યાર કર્યું છે. હાઈકોર્ટે નાયલોન અને ચાઈનીઝ માંઝામાંથી બનેલા પ્રતિબંધિત પતંગ ઉડાવવાના દોરા પર પ્રતિબંધ લાગુ કરવાના રાજ્યના પ્રયાસોની સમીક્ષા કરી હતી. જેમાં હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો હતો. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો હતો કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.



ગુજરાતના ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા ગુજરાત હાઈ કોર્ટમાં સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં તંત્ર દ્વારા ચાઈનીઝ માંઝા, નાયલોન, કૃત્રિમ કોટિંગવાળા પ્લાસ્ટિકના દોરા, કાચથી કોટેડ નાયલોન અથવા કૃત્રિમ દોરા (પરંપરાગત માંઝા સિવાય) અને ચાઈનીઝ સ્કાય ફાનસ(તુક્કલ) સહિતના ખતરનાક દોરાનો ઉપયોગ કરવા સામે તેની અમલીકરણ ઝુંબેશ અને જનજાગૃતિ ઝુંબેશની વિગતવાર માહિતી આપી હતી.

હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામા મુજબ, ૨૧ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન, પોલીસે આ પ્રતિબંધિત વસ્તુઓના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ સંબંધિત ૫૯ ગુના નોંધ્યા હતા. અધિકારીઓએ ૧૨,૦૬૬થી વધુ પ્રતિબંધિત દોરા અને સંબંધિત સામગ્રી જેમ કે રીલ, સ્પૂલ, બોબિન્સ અને ટેલર, કટ દોરા જપ્ત કર્યા છે જેની કિમત આશરે રૂ. ૩૬.૮૦ લાખ છે. વધુમાં, રાજ્યભરમાં ૭૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ અલગ-અલગ સોગંદનામામાં નોંધવામાં આવ્યું છે કે પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ વાર્ષિક સૂચનાઓ જારી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાં ઉત્તરાયણ દરમિયાન પતંગ ઉડાવવા માટે પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ અને કબજો રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૨૦૨૬ માટે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ મામલાની વધુ સુનાવણી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ થશે.

તાજેતરમાં અમદાવાદ ગ્રામ્ય એસઓજી દ્વારા સાણંદના રણમલ ગામની સીમમાંથી અમૃત રબારીના ફાર્મ હાઉસની ઓરડીમાંથી ૭.૪૮ લાખ રૂપિયાની ચાઈનીઝ દોરીનો જથ્થો કબજે કર્યો હતો. પ્રતિબંધિત દોરી ઝડપાયા બાદ પોલીસે તપાસ કરતાં દોરીનો જથ્થો દાદરા અને નગર-હવેલીની ફેક્ટરીમાંથી આવ્યો હોવાનીની જાણ થતાં પોલીસે સંઘપ્રદેશમાં પહોંચી દરોડો પાડ્યો હતો.ફેક્ટરી પરથી ૪૩,૦૦૦ ચાઈનીઝ દોરીની રીલ સહિત ૨.૨૪ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ફેક્ટરી સીલ કરવામાં આવી હતી.

# બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓ બન્યા બેફામઃ રોક સિંગર જેમ્સના કાર્યક્રમ પર હુમલો

**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં કલાકારો, કલાકારો અને સાંસ્કૃતિક સંસ્થાઓ પર હુમલાઓનો સિલસિલો સતત ચાલુ છે. તાજેતરની ઘટના ઢાકાથી લગભગ ૧૨૦ કિલોમીટર દૂર ફરીદપુરમાં બની હતી, જ્યાં હિંસાને કારણે પ્રખ્યાત ગાયક જેમ્સનો કોન્સર્ટ રદ કરવામાં આવ્યો હતો.

સ્થાનિક અહેવાલો અનુસાર, શાળાની વર્ષગાંઠની ઉજવણી માટે શુક્રવારે રાત્રે ૯ વાગ્યે કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં, એક જૂથે બળજબરીથી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો અને ભીડ પર ઇંટો અને પથ્થરો ફેંકવાનું શરૂ કર્યું. પ્રત્યક્ષદર્શીઓ કહે છે કે વિદ્યાર્થીઓએ હુમલાખોરોનો સામનો કર્યો હતો, પરંતુ જ્યારે પરિસ્થિતિ વધુ વણસી ત્યારે સ્થાનિક વહીવટીતંત્રની સૂચના પર કોન્સર્ટ રદ કરવામાં આવ્યો.

બાંગ્લાદેશ હાલમાં હિંસાનો સમય અનુભવી રહ્યું છે. હિન્દુ યુવાનો દીપુ ચંદ્ર દાસ અને અમૃત મંડલની ક્રૂર હત્યા બાદથી તણાવ વધી ગયો છે. દરમિયાન, ૨૬ ડિસેમ્બરના રોજ મોડી રાત્રે, પ્રખ્યાત બાંગ્લાદેશી રોક ગાયક અને ગીતકાર નાગર બાઉલ જેમ્સના કોન્સર્ટ પર હુમલો કરવામાં આવ્યો, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ. એક જ ક્ષણમાં આખું વાતાવરણ બદલાઈ ગયું. તોડફોડ થઈ. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે જેમ્સ પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો, અને કોન્સર્ટ રદ કરવો પડ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૬ ડિસેમ્બરે ફરીદપુર ડિસ્ટ્રિક્ટ સ્કૂલની ૧૮૫મી વર્ષગાંઠ હતી. પ્રખ્યાત બાંગ્લાદેશી રોક ગાયક અને ગીતકાર નાગર બાઉલ જેમ્સ ત્યાં પરફોર્મ કરવાના હતા.

# સાઉદી અરેબીયાએ અમેરિકા કરતા પણ વધુ ભારતીયોને બહાર કાઢયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજયસભામાં રજૂ કરવામાં આવેલ વિદેશ મંત્રાલયના નવીનતમ આંકડા મુજબ વર્ષે ૨૦૨૫માં ૮૧ દેશોમાંથી ૨૪૬૦૦થી વધુ ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા હતા. તેમાં સૌથી વધુ નિર્વાસન અમેરિકાથી નહીં પણ સાઉદી અરબથી થયું છે, જયાંથી ૧૨ મહિનામાં ૧૧ હજારથી વધુ લોકોને કાઢવામાં આવ્યા હતા.

નિર્વાસનના સામાન્ય કારણોમાં ખાસ કરીને ખાડી દેશોમાંથી વીઝા કે નિવાસનો સમયગાળાથી વધુ સમય રહેવુ,માન્ય વર્ક પરમીટ વિના કામ કરવું, શ્રમ નિયમોનું ઉલ્લંઘન, નિયુક્તિ કરનારનું ભાગી જવું તેમજ દીવાની કે આપરાધીક મામલામાં સંડોવણી સામેલ છે.



સૌથી વધુ સાઉદી અરબમાંથી ૧૨ મહિનામાં ૧૧૦૦૦થી વધુ ભારતીયોને કાઢી મુકાયા હતા, ત્યારબાદ અમેરિકાથી એક વર્ષમાં ૩૮૦૦ ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના પ્રાઈવેટ કંપનીના કર્મચારી હતા. પરંતુ આ સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં અમેરિકાથી નોંધાયેલી સૌથી મોટી સંખ્યા છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે આ માટે ટ્રમ્પ પ્રશાસન જ સખ્તાઈ જવાબદાર છે. જુદા જુદા દેશોમાંથી છેલ્લા ૧૨ મહિનામાં ભારતીયોને કાઢી મુકવાના આંકડા જોઈએ તો મ્યાનમારથી ૧૫૯૧, મલેશિયાથી ૧૪૮૫, યુએઈથી ૧૪૬૯, બહેરીનથી ૭૬૪, થાઈલેન્ડથી ૪૮૧, કમ્બોડીયાથી ૩૦૫ અને બ્રિટનથી ૧૭૦ છાત્રોનો સમાવેશ થાય છે.

ખાડી દેશોમાં આ સામાન્ય વાત છે. જયાં ભારતથી મોટી સંખ્યામાં શ્રમિક પલાયન કરે છે. આ શ્રમિકો નિર્માણ ક્ષેત્રોમાં મજુર તરીકે, ઘરેલુ નોકર તરીકે કામ કરતા હોય છે. તેલંગાણા સરકારની અનિવાસી પ્રવાસી સલાહકાર સમીતીના ઉપાધ્યક્ષ ભીમા રેડ્ડીએ કહ્યું હતું કે આમાંથી મોટાભાગના ઓછા કુશળ શ્રમિકો છે, જે એજન્ટોના માધ્યમથી જાય છે, કેટલાક કેસોમાં વધારે પૈસા કમાવવાની કોશિશમાં નાના-મોટા અપરાધોમાં સામેલ થઈ જાય છે.

અન્ય મામલાઓમાં સ્થાનિક કાયદા અને નિયમોના બારામાં જાગૃતિનો અભાવ પણ મોંઘો સાબીત થાય છે.

# થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સીઝફાયરનું એલન

**મુખ્ય સમાચાર, બેંગ્કોક**

એશિયામાં બે દેશો થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સીઝ ફાયર(યુદ્ધ વિરામ)નું એલાન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. શનિવારે બંને દેશો તાત્કાલિક પ્રભાવથી યુદ્ધ વિરામ લાગુ કરવાના પર સહમતી આપી છે. આ જાણકારી બંને દેશોના રક્ષા મંત્રીઓ તરફથી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં આપવામાં આવી છે. આ સીઝ ફાયર સ્થાનિક સમય પ્રમાણે ૨૭ ડિસેમ્બરના બપોરે ૧૨ વાગ્યા અમલમાં આવશે.

કંબોડિયા તરફથી જાહેર કરાયેલા સ્પેશિયલ જનરલ બોર્ડર કમિટીના નિવેદન મુજબ, બંને પક્ષે આ નિર્ણય કર્યો છે કે તાત્કાલિક તમામ પ્રકારના હથિયારના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. તેમાં નાગરિકો, ઘરો, સરકારી




ઢાંચાઓ કે સેનાના કોઈ પણ ઠેકાણા પર હવે હુમાલા નહીં કરી શકાય, યુદ્ધ વિરામ તમામ વિસ્તારમાં દરેક સ્થિતિમાં લાગુ રહેશે.

આ સીઝ ફાયર એવા સમયે થયું છે જ્યારે બંને દેશો વચ્ચે બોર્ડર પર ડિસેમ્બરના શરૂઆતથી જ ફરી એક વખત તંગ સ્થિતિ ઊભી થઈ હતી. છેલ્લા ૨૦ દિવસથી થાઈ અને કંબોડિયાઈ સેનાઓ વચ્ચે ભીષણ સંઘર્ષ ચાલી રહ્યો હતો. જેમાં બંને દેશના મળીને લગભગ ૧૦૧થી પણ વધુ લોકો માર્યા ગયા હતા. જ્યારે બોર્ડર પર સ્થિત પાંચ લાખથી વધુ લોકો ઘર છોડવા મજબૂર થયા હતા.

થાઈલેન્ડ અને કંબોડિયાએ સંયુક્ત નિવેદન જાહેર કરતાં કહ્યું છે કે બંને દેશની બોર્ડર પર હાલ જે સૈનિકો તહેનાત છે તે રાખશે પણ તેમાં કોઈ વધારો નહીં કરે, અથવા તો કોઈ સૈન્ય ગતિવિધિને લગતા ફેરફારો નહીં કરે, બંને પક્ષે તરફેણ કરી છે કે હવે સૈન્ય શક્તિમાં વધારો થશે તો સંઘર્ષ વધશે, જે લાંબા સમયગાળાના સમાધાનની કોશિશને નુકસાન પહોંચાડશે. મહત્વનું છે કે હજારો પરિવારો યુદ્ધના કારણે પ્રભાવિત થયા છે તેમણે હાશકારો થયો છે. તેઓ હવે પોતાના ઘરે પરત ફરી શકશે,જે છેલ્લા ૨૦ દિવસથી અપાર તકલીફોનો સામનો કરી રહ્યા હતા.

# પુત્ર ગુનેગાર હોય છતાં તેને 'રાજા બેટા' ગણવો પુરુષપ્રધાન માનસિકતાઃ હાઈકોર્ટ

પાંચ વર્ષની બાળકી પર રેપ અને હત્યાના કેસમાં સુનાવણી દરમિયાન પંજાબ-હરિયાણા હાઈકોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ટિપ્પણી કરાઈ હતી, હાઈકોર્ટે કહ્યું હતું કે પુત્ર ગમે એટલો મોટો ગુનેગાર કેમ ના હોય તેની માતા માટે તે હંમેશા રાજા બેટા જ હોય છે, આ માનસિકતા બદલવાની જરૂર છે, જો રાજા બેટા અપરાધી હોય તો માતાઓએ તેને સજા અપાવવામાં મદદ કરવી જોઈએ જેથી પીડિતાને ન્યાય મળી શકે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશ અનૂપ ચિટકારા અને સુખવિંદર કૌર સમક્ષ પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર અને બાદમાં તેની હત્યા કરી દેવાના કેસની સુનાવણી ચાલી રહી હતી, આ કેસમાં ફાંસીની સજા પામેલા આરોપી અને સાત વર્ષની કેદની સજા પામેલી તેની મા દ્વારા અપીલ કરવામાં આવી હતી. એવો આરોપ છે કે ગુનેગાર જે વ્યક્તિને ત્યાં મંડપ લગાવવા વગેરેનું કામ કરતો હતો તેની જપાંચ વર્ષની બાળકીને પોતાના ઘરે લઈ જઈને તેના પર ૨૦૧૮માં બળાત્કાર કર્યો, બાદમાં તેની હત્યા કરીને ઘરના એક કન્ટેનરમાં મૃતદેહ છૂપાવી દીધો.

# જાપાનમાં ખરાબ હવામાનના પગલે ૫૦થી વધુ વાહનો અથડાતા એકનું મોત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જાપાનમાં ખરાબ હવામાન ઘણા લોકો માટે જીવલેણ સાબિત થયું છે. જાપાનના હાઈવે પર શ્રેણીબદ્ધ વાહનો અથડાયા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું હતું અને આશરે ૨૬ લોકો ઘાયલ થયા હતા.

વર્ષ પુરૂં થતાં જ જાપાનમાં રજાઓ શરૂ થઈ ગઈ છે. ઘણા લોકો રજાઓનો આનંદ માણવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા, જેના કારણે હાઇવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જોકે, બરફવર્ષાને કારણે, વાહનો અચાનક લપસી પડ્યા અને એકબીજા સાથે અથડાઈ ગયા.

જાપાનની રાજધાની ટોક્યોથી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર ગુન્મા પ્રીફેક્ચરમાં કાન-એત્સુ એક્સપ્રેસવે પર આ અકસ્માત થયો હતો. જાપાની પોલીસના જણાવ્યા અનુસાર, ૭૭ વર્ષીય એક મહિલાનું મોત થયું છે અને ૨૬ લોકો ઘાયલ થયા છે. પાંચની હાલત ગંભીર છે.

આ અકસ્માતમાં અનેક ટ્રકો અથડાયા હતા, જેના કારણે એક્સપ્રેસ-વે બ્લોક થઈ ગયો હતો. પાછળથી આવતી ઝડપી કાર પણ એક પછી એક અથડાઈ હતી. આ ઘટનામાં, ૫૦ થી વધુ વાહનો એકબીજા સાથે અથડાઈ ગયા હતા, અને ભીષણ આગ ફાટી નીકળી હતી. ડઝનબંધ વાહનો આગની લપેટમાં આવી ગયા હતા.

# ડિસેમ્બરના અંત ભાગમાં પણ ઉત્તરાખંડના પર્વતો પર બરફ ગાયબ રહેતા હવામાન શાસ્ત્રીઓમાં ચીંતા



**મુખ્ય સમાચાર, દેહરાદૂન**

ડીસેમ્બર મહિનાના અંતિમ દિવસો છે અને કેલેન્ડર વર્ષ ખત્મ થવાના આરે હોવા છતાં ઉત્તરાંખંડના પર્વતોમાં બરફનું નામોનિશાન ન રહેતા અને કાળા દેખાવા લાગતા હવામાનશાીઓ ચિંતિત બન્યા છે. ૨૫૦૦ થી ૩૫૦૦ મીટરની ઉંચાઈ ધરાવતા પહાડી ભાગોમાં હજુ હિમ-વર્ષા થઇ ન હોવાથી ક્યાંય બરફની ચાદર નથી. પર્વતોની ઉંચી ચોટીઓ પર પણ હલ્કી-સામાન્ય હિમવર્ષા જ થઇ હોવાથી બહુ મામૂલી બરફ દેખાઇ રહ્યો છે.

હિમાલયન ક્ષેત્રમાં 'બરફના દુષ્કાળ'ની સ્થિતિથી જલવાયુ પરિવર્તનની ગંભીર અસરના સંકેત ઉઠવા લાગ્યા છે. છેલ્લા એક મહિનાની સ્થિતિએ ગંભીર ચિંતા સર્જી છે. જ્યાં ઉંચા પહાડો બરફ વિનાના છે. બીજી તરફ કડકડતી ઠંડીને નદી-તળાવ-ઝરણા જામી ગયા છે.

વૈજ્ઞાનિકો તથા નિષ્ણાંતોનો તર્ક એવો છે કે મૌસમી ચક્રમાં થઇ રહેલા બદલાવનો આ સંકેત છે. વરસાદ કે બરફવર્ષા સમયસર થતી નથી એટલું જ નહીં, ઉનાળા-ગરમીનું આગમન પણ અનિશ્ચિત બન્યું છે. બદલાતા હવામાન ચક્ર પાછળનું સૌથી મોટું કારણ ગ્લોબલ વોર્મિંગ છે.

તાપમાનમાં વૃધ્ધિને કારણે પર્વત પર બરફ જામવાનો સમય રહેતો નથી. જમીન પર પડતો બરફ પણ તૂર્ત ઓગળી જાય છે. વર્તમાન સ્થિતિ ગ્લેશિયર માટે ખતરો છે અને ભવિષ્યના જળસંકટના એંધાણ આપે છે.

ઉત્તરાખંડ સિવાય હિમાચલ પ્રદેશમાં પણ સમાન સ્થિતિ છે. સામાન્ય રીતે કાંગડાના ધૌલાધાર પર્વતો ડીસેમ્બરમાં બરફથી ઢંકાઇ જતાં હોય છે પરંતુ આ વર્ષે હજુ સુધી બરફનું નામોનિશાન નથી. પર્વતો કાળા છે, પ્રવાસન સ્થળોએ પણ પ્રવાસીઓ હિમવર્ષાની રાહત-માં છે.

કેદારનાથ ઉપરાંત ગંગોત્રી, યમુનોત્રી, બદરીનાથ ક્ષેત્રમાં પણ સમાન હાલત છે અને બરફ વિના પર્વતો સુકા બની રહ્યા છે. સામાન્ય રીતે આ ક્ષેત્રમાં ૩૦૦૦ ફૂટની ઉંચાઇએ ઓછામાં ઓછી બે વખત હિમવર્ષા જરૂર થઇ જતી હોય છે.

હવામાન વિભાગ તથા સ્થાનિક લોકો નવા વર્ષના પ્રારંભે હિમ-વર્ષાની આશા રાખી રહ્યા છે. પ્રવર્તમાન સ્થિતિમાં કૃષિપાક ઉપરાંત પર્યાવરણને પણ નુકશાન છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે કાશ્મીરમાં હિમવર્ષા થઇ છે. પરંતુ અન્ય રાજ્યોમાં ગેરહાજરી છે.

ઉનાળાનો સમય વધી રહ્યાની અને શિયાળો ટુંકો થઇ રહ્યાની છાપ છે. લાંબા વખતથી ઋતુચક્ર બદલાઇ રહ્યું છે અને હવે તેની ગતિ વધુને વધુ તીવ્ર બની રહી છે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો પણ પ્રભાવ છે. ગ્લેશિયરમાં તાપમાન વૃધ્ધિથી બરફ પડે તો પણ જામી શકતો નથી. ગ્લેશિયરની જમીનની અંદર માઇનસને બદલે ૧ ડીગ્રી પ્લસ તાપમાન જણાવ્યું છે.

# મોરબીના વાંકાનેર ખાતે ત્રિદિવસીય 'કામા અશ્વ શો'નો શુભારંભ કરાવતા પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી






## શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીએ ઐતિહાસિક ધરોહર છે ત્યારે સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્વના સ્થળ એવા વાંકાનેર ખાતે સરકારના પશુપાલન વિભાગ તથા કાઠીયાવાડી હોર્સ બ્રિડર્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાંકાનેરના રાજવી સ્વ.ડો. દિગ્વિજયસિંહ ઝાલાની સ્મૃતિમાં ત્રિદિવસીય કાઠિયાવાડી મારવાડી અશ્વ પ્રદર્શન - રમતોત્સવ 'કામા અશ્વ શો' નો પશુપાલન કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં વિધિવત શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ અને પ્રોટોકોલ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અશ્વનું સંવર્ધન થાય અને તેમની સંખ્યા વધે તે માટેના પ્રયાસો કર્યા તે અંતર્ગતનું આ અનન્ય આયોજન છે. રાજ્ય સરકાર અનેકવિધ આયોજનો અને યોજનાઓ સાથે પશુ સંવર્ધન ક્ષેત્રે આગળ વધી રહી છે. આપણી નવી પેઢી આપણા સાંસ્કૃતિક ધરોહર સમાન અશ્વ વિશે જાણે, સમજે અને શીખે તે માટે આ પ્રકારના આયોજન ખરેખર પ્રેરણાદાયી છે. અશ્વ એ આપણી સંસ્કૃતિમાં શક્તિ, લાભ અને શુભનું પ્રતીક છે ત્યારે સરકાર દ્વારા આગામી સમયમાં વધુ એક અશ્વોની દેશી જાતિના માટેનું બ્રીડિંગ સેન્ટર બનાવવામાં આવશે. અશ્વોની સંખ્યામાં વધારો થાય તે માટે લક્ષ્ય નિર્ધારિત કરી મિશન મોડ પર કામગીરી કરવામાં આવશે. કાઠીયાવાડી અશ્વ તેમના શોર્ય અને સાહસ માટે જાણીતા છે એટલે જ તેમના શોર્ય, સ્થિર સ્વભાવ અને સતર્કતાના ગુણોને ધ્યાનમાં લઇ પોલીસ જાહેર સેવામાં પણ કાઠીયાવાડી અશ્વનો ઉપયોગ કરવામાં આવે છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં બીમાર ઘોડાઓને હેરાન ન કરવામાં આવે તે માટે સ્પર્ધા પહેલા બ્લડ સેમ્પલ લેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી યોગ્ય તપાસ બાદ ૩૦૦ થી વધુ રજીસ્ટ્રેશન પૈકી ૨૫૦ જેટલા ઘોડાઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. વાંકાનેર સ્ટેટ અને તત્કાલીન દેશના પર્યાવરણ મંત્રી સ્વ. ડો.દિગ્વિજયસિંહ ઝાલાએ પર્યાવરણ ક્ષેત્રે ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે વાંકાનેર ખાતેથી ૧૯૯૪ માં અશ્વ શોનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારે આજે તેની સ્મૃતિમાં આ કાર્યક્રમ યોજાયો છે ત્યારે હું તેમને વંદન કરું છું. તેમના સમયમાં તેમણે લોકહિતકારી રાજા બની શિક્ષણ, આરોગ્ય કન્યા કેળવણી સહિતના પ્રજાલક્ષી કાર્યો કર્યા હતા.

પ્રાસંગિક ઉદબોધન આપતા પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજયમંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, ભારતની વૈદિક સંસ્કૃતિથી અશ્વ આપણી પરંપરાનો અભિન્ન ભાગ રહ્યા છે. રામાયણ મહાભારત સહિતના મહત્વના ગ્રંથોમાં અશ્વમેઘ યજ્ઞનો ઉલ્લેખ અશ્વની ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યની પ્રતીતિ કરાવે છે. અશ્વ એ યોદ્ધાનો આત્મસાર્થી કહેવાય છે ત્યારે ઈતિહાસમાં પણ મહારાણા પ્રતાપ, શિવાજી, ઝાંસીની રાણી સહિતના યોદ્ધાઓના અશ્વની ગાથાઓ પણ સ્વર્ણ અક્ષરે લખાયેલી છે. સરકારના પશુપાલન વિભાગ દ્વારા અશ્વની જાળવણી માટેની પ્રવૃત્તિઓ, બ્રીડિંગ તથા તેમના જતન માટેની કામગીરીની તેમણે સરાહના કરી હતી. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને વાંકાનેર સ્ટેટ કેસરીદેવસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, શૂરવીરોએ માતૃભૂમિનું રક્ષણ કરવા જે બલિદાન આપ્યું તેમનીએ શોર્ય કથાઓ અશ્વ વિના અધુરી છે. ગીરના સાવજ, ગીર ગાય અને કાઠીયાવાડી અશ્વએ સૌરાષ્ટ્રને દેશ અને વિશ્વ કક્ષાએ આગવી ઓળખ અપાવી છે. ૧૭ મો કામા અશ્વ શો મોરબી અને વાંકાનેર માટે ગર્વની બાબત છે. કાઠીયાવાડી ઘોડાની નસલને જીવંત રાખવામાં ભોગ આપનાર સર્વેને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રીઓ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજકોટ પોલીસ માઉન્ટના અશ્વ સવાર પોલીસ જવાનોએ કરતબ પ્રદર્શન કર્યું હતું અને શ્રેષ્ઠ અશ્વ શણગાર સ્પર્ધા પણ યોજાઇ હતી. મહાનુભાવોના હસ્તે અશ્વ વિશેની માહિતી આપતા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. મંત્રી સહિતના મહાનુભાવોએ અશ્વપાલકોને મળી આવા આયોજનોમાં સહભાગી બનવા શુભેચ્છા પાઠવી હતી અને તેમની સાથે ઔપચારિક ચર્ચા કરી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, પશુપાલન નિયામક ડો. ફાલ્ગુની ઠાકર, વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક ડો. ભરતસિંહ ગોહિલ, જસદણ સ્ટેટ સત્યજિતકુમાર ખાચર, આચાર્ય ઘનશ્યામજી મહારાજ, વાંકાનેર પ્રાંત અધિકારી વિપુલ સાકરીયા, મામલતદાર કે.વી. સાનિયા, કાઠિયાવાડી હોર્સ બ્રીડર એસોસિએશનના અજીતસિંહ ગોહિલ સહિત કાઠીયાવાડી મારવાડી અશ્વ શો ના પદાધિકારીઓ તથા અશ્વપાલકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર ગઢડાનાના મોટા સમઢિયાળા ગામે સ્વામિનારાયણ ગુરુકુલના આંગણે વાર્ષિકોત્સવ ઉજવાયો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ગીરગઢડા તાલુકાના મોટા સમઢિયાળા મુકામે સ્વામિનારાયણ ગુરુકુલના આંગણે ભવ્ય શાકોત્સવ તેમજ વાર્ષિકોત્સ ઉજવાયો હતો. આ ધાર્મિક પ્રસંગે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યનુ ફુલહાર થી સન્માન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય એ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અને સંતો મહંતોના આશીર્વાદ લીધા હતા.

આ તકે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, પાતાપુર ગામના સરપંચના પ્રતિનિધિ અશોકભાઈ છોડવડીયા તેમજ સરપંચ હાજર રહ્યા હતા તેમજ ભાવિ ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારાના ઘુનડા(સ) ગામે ઈંગ્લીશ દારૂની બોટલ સાથે એક પકડાયો

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન, ઘુનડા(સ) ગામે રામાપીરના મંદિર નજીક શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સની અંગઝડતી લેતા, પેન્ટના નેફામાંથી ઈંગ્લીશ દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી, આ સાથે પોલીસે તુરંત આરોપી નરશીભાઈ જગજીવનભાઈ કોરડીયા ઉવ.૫૫ રહે.હાલ શકત શનાળા ગામે ભાડેના મકાનમાં મૂળરહે.સજનપર(ઘુ) વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપા દ્વારા કલસ્ટર નં. ૯ની વિઝીટ અને ખાસ સફાઈ ઝુંબેશ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના નાયબ કમિશનરે ક્લસ્ટર નં. ૯ની મુલાકાત લઈ સફાઈ વ્યવસ્થાની ચકાસણી કરી હતી. આ સાથે જાહેરમાં ગંદકી કરતા ૯ ઇસમોને રૂ.૩૭૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકાના નાયબ કમિશનર સંજય સોની દ્વારા તા.૨૨/૧૨/૨૦૨૫ના રોજ ક્લસ્ટર નં. ૯ની વિઝીટ કરવામાં આવી હતી, જેમાં સફાઈ કર્મચારીઓની હાજરી અને કામગીરીની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ઘુનડા રોડ, સ્ટેટ હાઈવે, ગોકુલનગર તથા ભક્તિનગર નજીક આવેલા GVP પોઈન્ટ તેમજ લાઈન્સનગર અને શ્રીજીપાર્ક સોસાયટીમાં ડોર ટુ ડોર કચરા ઉઠાવવાની કામગીરીનું નિરીક્ષણ કરાયું હતું. તદુપરાંત, તપાસ દરમિયાન જાહેરમાં ગંદકી કરતા ૯ ઈસમો સામે કાર્યવાહી કરી રૂ.૩૭૦૦/-નો દંડ વસુલવામાં આવ્યો. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા મંગળવારની અઠવાડીક ખાસ સફાઈ ઝુંબેશ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં વ્યાપક સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. આ તકે નાયબ કમિશનર (પ્રોજેક્ટ) દ્વારા શહેરને સ્વચ્છ રાખવા નાગરિકોને સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

# મોરબી મનપાની પ્રાણી રંજાડ અંકુશ શાખા દ્વારા ૨,૦૨૫ પશુ પકડી ગૌશાળા-પાંજરાપોળમાં મુકાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા પ્રાણી રંજાડ અંકુશ શાખા દ્વારા માર્ચ ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન શહેરમાંથી ૨,૦૨૫ રખડતાં પશુઓ પકડવામાં આવ્યા છે. સાથે જ પશુ માલિકો અને પેટડોગ માલિકોને લાયસન્સ તથા રજીસ્ટ્રેશન આપવામાં આવ્યા છે.

મોરબી મહાનગરપાલિકા પ્રાણી રંજાડ અંકુશ શાખા દ્વારા માર્ચ ૨૦૨૫થી તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધી શહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતાં કુલ ૨,૦૨૫ પશુઓ પકડીને નજીકની ગૌશાળા તથા પાંજરાપોળમાં મૂકવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન શાખા દ્વારા ૧૭૮ પશુ માલિકોને લાયસન્સ આપવામાં આવ્યા છે તેમજ ૧૮ લોકોને ઘાસ વેચાણ માટેની પરમિટ આપવામાં આવી છે. ઉપરાંત ૩૧ નાગરિકોના પેટડોગ રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. પશુઓની ઓળખ અને નિયંત્રણ માટે કુલ ૧૩૫ પશુપાલકોના ૮૩૫ પશુઓનું RFID તથા ટેગિંગ કરવામાં આવ્યું છે અને આ કામગીરી હજુ ચાલુ છે. આ સાથે મહાનગરપાલિકા દ્વારા તમામ પશુ માલિકો અને પેટડોગ માલિકોને પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન કરાવવાની અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા અરવલ્લી પર્વતમાળામાં થતા ખાણકામ અને વૃક્ષ કાપણી સામે અનોખું વિરોધ પ્રદર્શન યોજાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા અરવલ્લી પર્વતમાળામાં થતા ખાણકામ અને વૃક્ષ કાપણી સામે અનોખો વિરોધ પ્રદર્શન યોજાયો હતો. શહેરના નંબર ચોકડી ખાતે કાર્યકરોએ ચહેરા પર ઓક્સિજન માસ્ક પહેરીને પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો.પ્રદર્શનકારીઓએ પ્રતિકાત્મક રીતે જણાવ્યું કે, ''આજે અરવલ્લી કાપાશે તો કાલે અમારા શ્વાસમાં ઓક્સિજન ઘટશે.'' આ વિરોધ રાજસ્થાનમાં અરવલ્લી પર્વતમાળાના ૧૦૦ મીટર ઉપરના પર્વતને તોડી પાડવાના નિર્ણયના વિરોધમાં કરવામાં આવ્યો હતો.કાર્યકરોએ ''સેવ અરવલ્લી, સેવ ફ્યુચર'', ''અરવલ્લી બચાવો, ઓક્સિજન બચાવો'' અને ''પ્રકૃતિ નહિ બચે તો પ્રગતિ શું કામ?'' જેવા નારા લગાવ્યા હતા અને અરવલ્લી બચાવોના ગીતો ગાઈને વિરોધ નોંધાવ્યો હતો. યુથ કોંગ્રેસ અને NSUIના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો સમયસર પગલાં લેવામાં નહીં આવે તો ગુજરાત અને નજીકના રાજ્યોમાં ધૂળ પ્રદૂષણ, ગરમીમાં વધારો અને પાણીના સંકટ જેવા ગંભીર પ્રશ્નો ઉભા થશે.

તેમણે સરકારને અરવલ્લીમાં ગેરકાયદેસર ખાણકામ સામે તાત્કાલિક અને સખ્ત કાર્યવાહી કરવાની માંગ કરી. આ વિરોધ પ્રદર્શન શહેરમાં ચર્ચાનો વિષય બન્યું હતું, જ્યાં પસાર થતા નાગરિકો ઓક્સિજન માસ્ક પહેરેલા યુવાનોને જોઈ તેમની માંગ વિશે જાણકારી મેળવવા ઉત્સુક દેખાયા.

# મોરબીના બીલીયા ગામે ભટ્ટ પરિવારના સુરાપુરાધામ ખાતે જપ, પૂજા, યજ્ઞ અને મહાપ્રસાદનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જુના બીલીયા ગામે ભટ્ટ પરિવાર દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે પંચદિવસીય ધાર્મિક અનુષ્ઠાન યોજાઈ રહ્યું છે. આગામી રવિવારે યજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી તાલુકાના જુના બીલીયા સ્થિત સુરાપુરાધામ ખાતે ભટ્ટ પરિવાર દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે જપ, પૂજા અને યજ્ઞ સહિતનું પંચદિવસીય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા.૨૪-૧૨થી શરૂ થઈ તા.૨૮-૧૨ના રોજ પૂર્ણાહુતિ સાથે પૂર્ણ થશે. રવિવારે યોજાનાર યજ્ઞના યજમાન પદે દીપકભાઈ બળવંતરાય ભટ્ટ તથા વિવેકભાઈ રમેશભાઈ ભટ્ટ સાતક બેસશે. સ્થાપિત થનારી મૂર્તિના દાતા તરીકે સ્વ. કેતનભાઈ પ્રહલાદભાઈ ભટ્ટના મોક્ષાર્થે મનીષભાઈ પ્રહલાદભાઈ ભટ્ટે લાભ લીધો છે તેમજ મહાઆરતીનો લાભ ધર્મેન્દ્રભાઈ ભટ્ટે લીધો છે. આ તકે યજ્ઞ, મહાઆરતી અને મહાપ્રસાદ યોજાશે અને સમસ્ત ભટ્ટ પરિવારને સુરાપુરાદાદાના આશીર્વાદ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વ્યવસ્થાના ભાગ રૂપે





આવનાર લોકોએ સંખ્યાની જાણ મો.૯૮૨૪૨ ૩૯૦૯૭ અથવા મો.૯૯૨૫૪ ૯૪૪૪૦ ઉપર કરવી તેમ યાદીમાં જણાવેલ છે.

# હળવદમાં સરા રોડ ઉપર ટ્રાન્સપોર્ટની ઓફીસ પાસેથી છકડો રીક્ષાની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં વધુ એક વાહન ચોરીની ઘટના સામે આવી છે, જેમાં સરા રોડ ઉપર નારાયણ પેરાજ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ફેરા માટે ઉપયોગમાં લેવામાં આવતી છકડો રીક્ષા કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા અંગે અત્રેના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો અનુસાર, હળવદના કૃષ્ણનગરમાં રહેતા દયારામભાઈ ભુદરભાઈ ચાવડા ઉવ.૪૮ એ હળવદ પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ફરિયાદી દયારામભાઈને સરા રોડ ઉપર નારાયણ પેરાજ નામે ટ્રાન્સપોર્ટ ચલાવે છે, જે ટ્રાન્સપોર્ટના ફેરા માટે ઉપયોગમાં લેવાતી જૂની છકડો રીક્ષા રજી.ન. જીજે-૧૩-ટી-૫૬૧૯ ત્યાં રાખેલ હોય, જેનો ઉપયોગ ઓફિસમાં મજૂરી કામ કરતા મજૂર ફેરા માટે કરતા હતા, ત્યારે ગત તા.૨૨/૧૨ ના રોજ ઉપરોક્ત છકડો રીક્ષાનો ફેરો કરીને ટ્રાન્સપોર્ટ ઓફિસની બહાર રાખી રાત્રીના ૯ વાગ્યે આસપાસ ટ્રાન્સપોર્ટ બંધ કરી ફરીયાદી પોતાના ઘરે જતા રહ્યા હતા, જે બાદ બીજે દિવસે સવારે ઉપરોક્ત છકડો રીક્ષા ત્યાં જોવામાં આવી ન હતી, ત્યારે રીક્ષાની આજુબાજુમાં તપાસ કરતા તે મળી આવેલ ન હોય, તે છકડો રીક્ષાની કોઈ ચોરી કરી લઈ ગયેલ હોય. હાલ હળવદ પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગર અને ગાગવાધારમાં ઈંગ્લીશ દારૂ સાથે ચાર શખ્સ ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દિ.પ્લોટ, પુનિતનગર અને ગાગવાધાર વિસ્તારમાં ઈંગ્લીશ દારૂ અંગે પોલીસે દરોડા પાડી બે શખ્સોને પકડી લીધા હતા, બે ફરાર થઇ ગયા હતા. આ ઉપરાંત સાધના કોલોનીમાં બે બોટલ સાથે એકની અટકાયત કરવામાં આવી હતી અને લાલપુર ચોકડી રોડ પર કારમાં દારૂની અડધી બોટલ સાથે વેપારી ઝપટમાં આવ્યો હતો.જામનગરના દિ.પ્લોટ-૪૯ વિસ્તારમાં રહેતા રાજેશ જમન રાઠોડ નામના શખ્સને ઈંગ્લીશ દારૂના બે ચપલા સાથે ઓશવાળ હોસ્પીટલ પાછળના રોડ પરથી પોલીસે પકડી લીધો હતો, જયારે પુનિતનગરમાં રહેતા શની શંકર વર્માના ભોગવટાના મકાનના ફળીયામાં બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ઈંગ્લીશ દારૂની એક બોટલ કબ્જે લીધી હતી જયારે આરોપી ફરાર થઇ ગયો હતો.

આ ઉપરાંત ખાવડી સીમ ગાગવાધાર ખાતે રહેતા રસિક હીરા રાઠોડ નામના શખ્સના મકાને પોલીસે દરોડો પાડી ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે પકડી લીધો હતો, જયારે મહિપાલસિંહ ચાવડા પાસેથી દારૂ મંગાવ્યો હોવાનું ખુલ્યુ હતું આ શખ્સને ફરાર જાહેર કરાયો હતો. આ ઉપરાંત જામનગરના ખંભાત્રી ફળીના અને હાલ સાધના કોલોનીમાં રહેતા પિયુષ ઉર્ફે પટેલ મુકુંદરાય કાકુ નામના શખ્સને વિદેશી દારુઈની બે બોટલ સાથે સાધના કોલોની ત્રીજા ઢાળીયા મીલ સામેથી પોલીસે પકડી લીધો હતો.અન્ય દરોડામાં લાલપુર ચોકડી પાસે જે.જે. જસોદા શેરી નં. ૧માં રહેતા ધ્રુવ પ્રવિણ અભંગી નામના શખ્સને ફોરવ્હીલ ગાડી નં. જીજે૦૫આરએફ-૮૦૫૧માં વ્હીસ્કીની ૨૦૦ એમએલ ભરેલ બોટલ સાથે લાલપુર ચોકડી રોડ પરથી નીકળતા પકડી લીધો હતો, દારૂ અને કાર મળી ૧.૦૦.૫૦૦નો મુદામાલ પંચ-બી પોલીસે કબ્જે કર્યો હતો.

# મોરબીના ખેડૂતને હનીટ્રેપમાં ફસાવનાર ટોળકીના પાંચ આરોપીઓને પકડી લેતી એ ડિવિઝન પોલીસ

## ૮માંથી ૫ આરોપીની ધરપકડ, મહિલા સહિત ૩ આરોપી ફરાર, સોનાના બિસ્કિટ,ચેઈન-વાહનો સહિત રૂ.૫૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા અને સોનાની લૂંટ કરનાર ટોળકી સામે સીટી એ ડિવિઝન પોલીસે કડક કાર્યવાહી કરી છે. પોલીસે આ કેસમાં ૮ પૈકી ૫ આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી લીધા છે. આ સાથે આરોપીઓ પાસેથી સોનાના બિસ્કીટ, સોનાનો ચેઇન, કાર, બાઈક અને મોબાઇલ મળી કુલ રૂ.૫૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. મુખ્ય મહિલા આરોપી સહિત ૩ આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહિલા આરોપી સામે અગાઉ પણ જસદણ પોલીસ મથકમાં હનીટ્રેપનો ગુનો નોંધાયેલ છે.

મળતી માહિતી મુજબ, ગત તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ હનીટ્રેપનો ભોગ બનેલા ખેડૂતે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ મુજબ વાડીએ મજૂરની જરૂર હોવાના બહાને આરોપી પાંચાભાઇ માણસુરીયાએ સાગરિતો સાથે મળીને ષડયંત્ર રચ્યું હતું. આરોપી મહિલાને મજૂરીના બહાને વાડીએ મોકલીને ફરીયાદી સાથે સંપર્ક સાધવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય આરોપીઓ વાડીએ આવી ખેડૂત અને આરોપી મહિલાના વાંધાજનક ફોટા-વિડિયો ઉતારી ખોટી ફરિયાદ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ એક કરોડ અગ્યાર લાખની માંગણી કરી હતી અને તેમાંના રૂ.૫૦ લાખના ચાર સોનાના બિસ્કીટ, અઢી તોલાનો સોનાનો ચેઇન તથા રોકડા રૂપિયા સહિત રૂ.૫૩,૫૦,૦૦૦/- ની માલમત્તા બળજબરીપૂર્વક કઢાવ્યા હતા. જે બાદ વધુ રૂપિયા કઢાવવા માટે ફરીયાદીનું અપહરણ કરી ગોંધી રાખ્યા હોવાની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મહિલા સહિત આઠ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી હતી.

ઉપરોક્ત ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલની સૂચના અને ઇન્ચાર્જ વિભાગીય પોલીસ અધિક્ષક વી.બી. દલવાડીના માર્ગદર્શન હેઠળ આરોપીઓ વિરુદ્ધ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સોર્સના આધારે આરોપી (૧)જીલુભાઇ વિહાભાઇ પરસાડિયા રહે-પાળીયાદ ગામ તુરખા રોડ જુના પોલીસ સ્ટેશન પાછળ તા.જી.બોટાદ, (૨)મુકેશભાઇ મફાભાઇ આલ રહે.દશામાતાજીના મંદીર પાસે સુદામડા ગામ તા.સાયલા જી.સુરેન્દ્રનગર, (૩)કરણભાઇ દેવરાજભાઈ વરૂ રહે.નવા બસ્ટેશન પાછળ ભરવાડપરા વાકાનેર જી.મોરબી, (૪)પાંચાભાઇ કાનજીભાઇ માણસુરીયા રહે- તીથવા ગામ તા.વાંકાનેર જી.મોરબી, (૫)દેવાંગભાઇ હરજીભાઇ વેલાણી રહે આનંદધામ સોસાયટી ગેઇટ નં-૨ ગઢડા રોડ બોટાદ એમ પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીઓ પાસેથી ત્રણ સોનાના બિસ્કીટ, સોનાનો ચેઇન, બે કાર, એક એક્સેસ બાઈક અને ૬ મોબાઇલ સહિત કુલ રૂ.૫૧,૧૧,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે નોંધાયેલ ફરિયાદના ત્રણ આરોપી મનીષભાઇ ગારીયા રહે.રતનપર બોટાદ, રમેશ ઉર્ફે રામાભાઇ હાડગડા રહે.નાગલપર બોટાદ તથા મુખ્ય મહીલા આરોપી પકડવા પર બાકી હોય તેને પકડી લેવા પોલીસ દ્વારા તપાસની તજવીજ ચાલુ છે.

વધુમાં, આ હનીટ્રેપના ગુનામાં સંડોવાયેલ ટોળકીની મુખ્ય મહિલા આરોપી તેમજ આરોપી જીલુભાઇ વિહાભાઇ પરસાડિયા તથા દેવાંગભાઇ હરજીભાઇ વેલાણી ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે, જ્યારે મહિલા આરોપી સામે વર્ષ ૨૦૨૪ માં જસદણ પોલીસ મથકમાં હનીટ્રેપનો ગુનો નોંધાયો હતો.

# મોરબીના રાજપર રોડ પર કારખાનાની રૂમમાં રાજસ્થાની યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના રાજપર રોડ વિસ્તારમાં તિરૂપતિ પેપર્સ નામે કારખાનાની રૂમમાં રહેતા ૧૯ વર્ષીય રાજસ્થાની યુવકે ગળેફાંસો ખાઈ જીવનનો અંત લાવ્યો હતો. બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રાજપર રોડ પર આનંદ પાર્ટી પ્લોટની પાછળ જય દ્વારકાધીસ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં તીરૂપતી પેપર્સ નામે કારખાનાના રૂમમાં બનેલ બનાવમાં મરણજનાર ભરતકુમાર હરીરામ પુરોહિત ઉવ.૧૯ મૂળ દેવડા ગામ તા.સીતલવાડા જી.જાલોર (રાજસ્થાન)નો વતની હતો, મળતી માહિતી મુજબ, ગઈકાલ તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ કોઈ અગમ્ય કારણોસર ભરતકુમારે પોતાની જાતે ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવ બાદ ૧૦૮ મારફતે તેને મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારે મૃત્યુના બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા આજે સ્કાય મોલ ખાતે અમૃતમંથન બૌદ્ધિક પર્વનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાજિક અને બૌદ્ધિક જીવનને નવી ઊર્જા આપવા મોરબી યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા આજે અમૃતમંથન બૌદ્ધિક પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા તજજ્ઞ વક્તા ડૉ. જિગરભાઈ ઈમાનદાર ઉપસ્થિત રહેશે.

મોરબી યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા પારિવારિક મિલન સાથે અમૃતમંથન બૌદ્ધિક પર્વનું આયોજન આજે ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ શનિવારે સાંજે ૭ વાગ્યે તુલીપ બેન્ક્વેટ હોલ સ્કાય મોલ ખાતે કરવામાં આવ્યું છે. સમાજમાં સંસ્કાર, સંવાદ, વિચારવિમર્શ અને સહઅસ્તિત્વની ભાવનાને મજબૂત બનાવવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બૌદ્ધિક પર્વના મુખ્ય વક્તા તરીકે ડૉ. જિગરભાઈ ઈમાનદાર પોતાના વિચારો રજૂ કરશે. કાર્યક્રમ દ્વારા મોરબીની સામૂહિક એકતા અને સામાજિક જવાબદારીને નવી દિશા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. કાર્યક્રમના સમાપન બાદ ઉપસ્થિતો માટે સુરુચી ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

# રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી દ્વારા 'વીર બાલ દિવસ'ની ઉજવણી કરાઈ

## ૮૫૦ બાળકોએ બાળ પ્રતિભા શોધ હરીફાઈમાં ભાગ લીધોઃ વ્યાખ્યાન અને પ્રદર્શન યોજાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહજીના પુત્રો-સાહિબજાદાઓના શૌર્ય અને બલિદાનની યાદમાં દર વર્ષે ૨૬મી ડિસેમ્બરે 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવે છે. જેનો આશય રાષ્ટ્રના બાળકો અને યુવાનોમાં વીરતા, નૈતિક મૂલ્યો અને દેશ ભક્તિ વિકસાવવા, બાળ અધિકારો પ્રત્યે જાગૃતિ ફેલાવી સાહસ અને આત્મબલિદાનની પ્રેરણા આપવાનો છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'વીર બાલ દિવસ' નિમિત્તે બાળ પ્રતિભા શોધ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજકોટ શહેરમાં આવેલા હેમુ ગઢવી હોલ ખાતે ચિત્ર, નિબંધ, લોકનૃત્ય, ભજન, વકતૃત્વ, સમૂહ ગીત ગાયન, વાદન, લોકવાદ્ય, લોકગીત, રાસ-ગરબા, સર્જનાત્મક પ્રવૃતિ સહિત કુલ ૧૩ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં અંદાજે ૮૫૦ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓના વિજેતા બાળકો આગામી દિવસોમાં પ્રદેશ કક્ષાની બાળ પ્રતિભા શોધ હરીફાઈમાં ભાગ લેવા જશે.

આ ઉપરાંત, રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં વક્તાઓએ બાળકોમાં રહેલી શૂરવીરતા અંગે વક્તવ્ય આપ્યું હતું. તેમજ 'વીર બાલ દિવસ' વિશે જાણકારી આપતું પ્રદર્શન પણ યોજાયું હતું. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ લુણીવાવમાં ખેડૂતના ઘરે ગાયનું દોહન કરી ખેડૂતો સાથે કર્યો સંવાદ





## પ્રાકૃતિક ખેતી અપનાવો અને જમીનને સોના જેવી ઉપજાઉ બનાવોઃ આચાર્ય દેવવ્રતજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજકોટ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગોંડલ તાલુકાના લુણીવાવ ગામે સરકારી પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું.

ખેતી, ગાય અને ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ સમજાવતા રાજ્યપાલ વહેલી સવારે ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત પંકજભાઈ મારકણાના ખેતર પર પહોંચ્યા હતા. અહીં તેમણે બળદ ગાડું ચલાવ્યું હતું. બાદમાં ખેતરમાં જાતે જ મકાઈની કાપણી કરીને ગાય માટે ચારો તૈયાર કર્યો હતો. પછી ગાયને ચારો આપીને દોહન કર્યું હતું. તેમણે પંકજભાઈના ખેતરની મુલાકાત લઈને પ્રાકૃતિક પદ્ધતિથી ઊગેલા ચણા, વટાણા સહિતના પાકનું નિરીક્ષણ કર્યું હતું. આ પાકમાં ફૂલ તેમજ ચણાના ફળ ખૂબ સારા જોવા મળ્યા અને તમામ પાક કીટક અને બીમારીમુક્ત જોવામાં આવ્યો હતો.

ખેડૂત પંકજભાઈ મારકણાની દીકરી એન.સી.સી.માં હોવાનું જાણીને રાજ્યપાલએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે, અભ્યાસ પણ જરૂરી છે અને કૃષિ કાર્ય પણ જરૂરી છે.

આ સમયે આસપાસના ખેડૂતો રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. આ તકે રાજ્યપાલએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. જીવામૃત, ઘન જીવામૃત કેમ બનાવાય તેની સરળ અને ઊંડાણપૂર્વકની માહિતી સાથે તેના અગણિત ફાયદા જાણીને ખેડૂતો પ્રેરિત થયા હતા.

રાજ્યપાલએ ખેડૂતોને કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી જમીન એટલી ફળદ્રુપ અને શક્તિશાળી બને છે કે તેમાં બીમારીઓ આવતી નથી. તેમણે ખેડૂતોને ખાસ આગ્રહ કર્યો હતો કે, આ પ્રાકૃતિક ખેતર જોઈને પ્રેરણા લો અને રાસાયણિક ખાતર છોડો. તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવો અને જમીનને સોના જેવી ઉપજાઉ બનાવો.

રાજ્યપાલશ્રીની વાત સાંભળીને ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ તરફ વળવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આમ અહીંનું ખેતર આજે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિની જીવંત પાઠશાળા બની ગયું હતું.

બાદમાં રાજ્યપાલએ કપાસના એક ખેતરમાં કપાસ વીણવાનું કામ ચાલતું જોઈ ખેતરની મુલાકાત લીધી હતી.

અહીં તેમણે ખેડૂતોની સાથે ખભેખભો મિલાવીને જાતે કપાસના કાલા વીણ્યા હતા અને ખેડૂત સાથે સંવાદ કરતા તેને પ્રાકૃતિક ખેતી તરફ વળવા પ્રેરણા આપી હતી.

# કેન્સરની બીમારીથી કંટાળીને ૭૦ વર્ષીય વૃધ્ધાએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી

## મવડીની માટેલ સોસાયટીમાં માનસિક તકલીફથી પીડાતા યુવકનો ફાંસો ખાઇ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આપઘાતના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. રૈયા રોડ પર ઝેરી દવા પી આપઘાત કર્યો છે, જ્યારે મવડી માટેલ સોસાયટીમાં માનસિક તકલીફ અને એકલતાથી કંટાળીને ૩૭ વર્ષીય યુવકે ફાંસો ખાઈ મોત વહાલું કર્યું હતું.

આ અંગેની વિગતો મુજબ, રૈયા રોડ પર આલાપ ગ્રીન સોસાયટી પાછળ અમૃત સોસાયટી-૨માં રહેતા વિજ્યાબેન વિઠ્ઠલભાઈ સુદ્રા (ઉ.વ.૭૦) નામના વૃધ્ધાએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા,

જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે વિજ્યાબેનને છેલ્લા સ્ટેજનું કેન્સર હતું. લાંબી સારવાર છતાં કોઈ સુધારો ન થતા બીમારીથી કંટાળી તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. મૃતકને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે.

બીજા બનાવમાં મવડી ગુરુકુળ પાછળ માટેલ સોસાયટી-૪માં રહેતા દિલીપભાઈ જીલુભાઈ સોઢીયા (ઉ.વ.૩૭) નામના યુવાને સવારે પોતાના ઘરે પાઈપમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસ મુજબ, દિલીપભાઈ છેલ્લા કેટલાક સમયથી માનસિક તકલીફથી પીડાતા હતા અને લગ્ન બાદ તેમના છૂટાછેડા થઈ ગયા હોવાથી એકલતા અનુભવતા હતા. બે ભાઈઓમાં મોટા દિલીપભાઈના અવસાનથી સોઢીયા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# કાર વેચવાના બહાને મોરબીના શખ્સે રૂપિયા ૯૦ હજારની છેતરપિંડી આચરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાણાવટી ચોક પાસે ટાઈટેનીયમ-૧ માં રહેતા અને હેર સલૂનમાં નોકરી કરતા હરેશભાઈ જયંતીભાઈ જોટંગીયાએ પોતાની અલ્ટો કાર (નંબરઃ GJ-03-CE-8335) વેચવા માટે સોશિયલ મીડિયાના 'લે વેચ બજાર ગ્રુપમાં જાહેરાત મૂકી હતી. આ જાહેરાત જોઈને મોરબીનો અનીલ હરીલાલ કડીયા (રહે. સત્યમપાર્ક એપાર્ટમેન્ટ, મહેન્દ્રનગર ચોકડી, ડી, મોરબીનામના શખસે તેમનો સંપર્ક કર્યો હતો. સંપર્ક બંને વચ્ચે રૂ. ૯૦,૦૦૦માં ગાડીનો સોદો નક્કી થયો હતો. ગત તા. ૧૨/૧૧/૨૦૨૪ના રોજ અનીલ રાજકોટ હરેશભાઈના ઘરે આવ્યો હતો અને ગાડીના બદલામાં કોટક મહિન્દ્રા બેંકનો ૯૦,૦૦૦નો ચેક આપી ગાડી લઈ ગયો હતો. બીજા દિવસે હરેશભાઈએ જ્યારે ચેક બેંકમાં જમા કરાવ્યો ત્યારે તે બાઉન્સ થયો હતો.

જે બાદ અનીલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તેનો ફોન બંધ આવતો હતો. લાંબા સમય સુધી પૈસા ન મળતા અને છેઠકો તા.૦૮/૧૨/૨૦૨૪ના રોજ વોટ્સએપ ચેટમાં 'બે દિવસમાં પૈસા આપી દઈશ તેવા વાયદા કર્યા બાદ પણ રકમ ન ચૂકવતા અંતે હરેશભાઈએ પોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં આજથી ૭ દિવસ હનુમાનચાલીસા યુવા કથાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સતત બીજા વર્ષે રેસકોર્સ મેદાનમાં ભવ્ય હનુમાન ચાલીસા યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આજરોજ (૨૭ ડિસેમ્બર) બપોરે ૨ વાગ્યે હાથી, ઘોડા, વિન્ટેજ કાર અને નાસિક ઢોલ સાથે ભવ્ય પોથીયાત્રાથી નીકળશે. ૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી સાળંગપુરધામના સ્વામી હરિપ્રકાશદાસજીના મુખારવિંદથી કથાનું રસપાન કરાવશે. સાત દિવસ સુધી રેસકોર્સમાં સાળંગપુરધામ જેવો માહોલ જોવા મળશે.

૧૫૦ જેટલા યુવા યજમાનો દ્વારા આયોજિત આ કથા દરેક રાજકોટવાસીને યજમાન બનાવવાના ભાવ સાથે યુવાનોમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન કરાવવાના શુભ આશયથી યોજાઈ રહી છે, જ્યાં એકસાથે ૫૦ હજાર લોકો કથા શ્રવણ કરી શકશે. ઉલ્લેખનીય છે કે, દેશ આખું ૩૧ ડિસેમ્બરના રોજ ન્યુયર પાર્ટીનું સેલિબ્રેશન કરશે, જ્યારે આ સમયે રાજકોટના હજારો યુવાનો કથામાં દાદાના જન્મના વધામણાં કરી હનુમાન ચાલીસાના પાઠ કરશે.

આજરોજ બપોરે ૨ વાગ્યે વિરાણી હાઈસ્કૂલ મેદાનથી અતિ ભવ્ય અને દિવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પોથીયાત્રામાં હાથી, ઘોડા, વિન્ટેજ કાર, નાસિક ઢોલ,અઘોરી નૃત્ય, બાહુબલી હનુમાન, થાર જીપ અને બુલેટ સવારોનું આકર્ષણ રહેશે. આ સાથે નાસિકના ઢોલ-નગારા અને ભારતીય સાંસ્કૃતિક નૃત્યોની ઝલક પણ



જામશે. ખાસ હાથીની અંબાડી પોથીયાત્રાની શોભા વધારશે.

આ ઉપરાંત ૫૫૧ બહેનો મસ્તક પર રામચરિતમાનસની પોથી લઈ યાત્રામાં જોડાશે. આ પોથી યાત્રા વિરાણી હાઈસ્કૂલ મેદાનથી શરૂ થઈ યાજ્ઞિક રોડ, ઈમ્પિરિયલ હોટલ થઈને, જિલ્લા પંચાયત ચોક અને કિશાનપરા ચોક થઈને રેસકોર્સ ગ્રાઉન્ડમાં પ્રવેશ પામશે. ડી.જે. અને બેન્ડવાજાના તાલે ''જય શ્રી રામ'', ''જય હનુમાન'', ''જય બજરંગબલી''ના ગગનભેદી નાદ સાથે સમગ્ર શહેર ભક્તિમય બની જશે.

# મનપાના સીટી બસના ૨૦ ડ્રાઈવરોને એક સાથે છુટા કરી દેવાતા કર્મચારીઓમાં દેકારો

## મેનેજર મનમાની કરતો હોવાના આક્ષેપઃ ન્યાય આપવા રજૂઆત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાપાલિકા સંચાલિત સીટી બસના વહીવટ સામે વધુ એક વખત ડ્રાઈવરો સામે પડયા છે. આજે ડ્રાઈવરોને આડેધડ સસ્પેન્ડ કરાયાના આક્ષેપ સાથે ડેપો મેનેજર સામે ફરિયાદ કરવા ડ્રાઈવરો મહાપાલિકાએ દોડી આવ્યા હતા. તેઓએ ડેપો મેનેજરની દાદાગીરી સામે રોષ ઠાલવ્યો હતો અને કેન્ટીનમાં ઘરનું જમવા દેવાની પણ મનાઇ કરાતી હોવાનો આક્ષેપ કર્યો છે. ઈન્દીરા સર્કલ નજીક સીટી બસે સર્જેલા જીવલેણ અકસ્માતની ઘટના બાદ સંચાલન અને વહીવટમાં ભાજપના એક કાર્યકરનું નામ ઉછળ્યું હતું, આ નામ આજે પણ મેયર ચેમ્બરમાં સાંભળવા મળતા ચકચાર ફેલાઈ ગઈ છે. કોર્પો.ની આરઆરએલ કંપની હેઠળની સીટી બસમાં ફરજ બજાવતા ડ્રાઈવરોને ડેપો મેનેજર દ્વારા હેરાનગતી થતી હોવાની અનેક ફરિયાદો ઉઠયા બાદ ગઈકાલે ૨૦ જેટલા જુના ડ્રાઈવરોને ડેપો મેનેજરે મનમાની કરીકોઈપણ વાંક વગર છુટા કરી દેતા ડ્રાઈવરોમાં દેકારો મચી ગયો હતો. અને ડેપો મેનેજર વિરુદ્ધ અનેક પ્રકારની ફરિયાદો સાથેનું આવેદન મેયરને પાઠવી ઉગ્ર રજૂઆત કરી ડેપો મેનેજર વિરુદ્ધ પગલા લેવાની વિનંતી કરી હતી. મેયરને રજૂઆત કરી જણાવ્યું હતું કે, નવા નિયમો સાથે ભરતી થઈને તેઓ એક વર્ષથી ફરજ બજાવે છે. તેઓને ડેપો મેનેજર દ્વારા હેરાનગતી કરવામાં આવે છે અને ગઇકાલે કોઇ કારણ વગર ૨૦ ડ્રાઈવરને સસ્પેન્ડ કરી દીધા છે. આવો કોઈ હુકમ કોર્પો.એ આપ્યો નથી.

૫૦ ટકા ડ્રાઈવરોને કોન્ટ્રાક્ટરે બોનસ આપ્યું છે અને ૫૦ ટકાને ઉચ્ચક આપી દેવામાં આવ્યું છે. ડેપો કે ન્ટીનમાં ડ્રાઈવરોને ટીફીન કે પાર્સલમાંથી જમવા દેવાની સગવડતા આપતા નથી અને ફરજીયાત ડેપો ની કેન્ટીનમાં રૂપિયા લઈ જમવા માટે મજબુર કરે છે. આ કેન્ટીનમાં જમવા એક ડ્રાઈવરે વિરોધ કરતા રાત્રે ધક્કો મારીને બહાર કાઢી મુક્યા હતા. વધુમાં ઈન્દીરા સર્કલ પાસે જે અકસ્માત થયો તેમાં ડ્રાઈવરના પરિવારને કાયદાકીય ખર્ચ કંપની ચુકવી આપશે તેવું વચન આપ્યાનો વિડીયો છે. પરંતુ હજુ સુધી કોઈ આપેલ નથી. ફોન પણ ઉપાડતા નથી. વળી સસ્પેન્ડ કરેલા કર્મચારીઓ ડેપોમાં ફરજ બજાવે છે અને સારા ડ્રાઈવરોને છુટા કરે છે. ડ્રાઈવરોને નિમણુંક આપતા કોઈ પર પ્રકારનો ઓફર લેટર, જોઈન્ટ લેટર, કન્ફરમેશન લેટર અને પગાર સ્લીપ ઓનપેપર આપવામાં આવતી નથી અને લેબર લોનું સંપૂર્ણ પણે પાલન થતું નથી તેવી ફરિયાદ કરવામાં આવી છે. આજે ડઝન જેટલા ડ્રાઇવરોએ આ રજુઆત કરી હતી. જેમાં કર્તાહર્તા તરીકે ભાજપ અગ્રણીનું નામ ફરી ઉછળ્યું હતું.

જોકે કોર્પો.ની સીટી બસ સેવામાં જો બહારના કોન્ટ્રાક્ટર જેવા લોકોની દાદાગીરી ચાલતી હોય તો મનપાની કોઈ જવાબદારી છે કે નહીં તે સવાલ પણ કેન્દ્રમાં આવી ગયો છે.

# માળીયા(મી)ના ખીરઈ ગામે ખેત શ્રમિક યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી

માળીયા(મી) તાલુકાના ખીરઈ ગામે ખેત શ્રમિક તરીકે કામ કરતા ૩૫ વર્ષીય યુવકે ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે માળીયા(મી) પોલીસે અ.મોતની નોંધ કરી છે. માળીયા(મી) તાલુકાના ખીરઈ ગામ સીમમાં રોહીતભાઈ સવજીભાઈ પટેલની વાડીએ રહેતા મુકેશભાઈ ગુમીયાભાઈ નાયક ઉવ.૩૫ મૂળરહે. થડગામ તા.કવાટ જી.છોટા ઉદેપુરના રહેવાસી ખેત શ્રમિક તરીકે કામ કરતા હતા. મળતી માહિતી મુજબ તેમની પત્નીનું બે વર્ષ પહેલા અવસાન થતાં તેઓ લાંબા સમયથી ઉદાસ અને ગુમસુમ રહેતા હતા. જીવનથી નાશીપાસ થઈ તેમણે ગઈકાલ તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ ઝેરી દવા પી લીધી હતી. ત્યારે તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે માળીયા(મી) પોલીસને જાણ કરતા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરમાં કન્ટેનર ગાડીને વીજતાર અડકી જતા ક્લીનરનું કરંટ લાગવાથી મોત

વાંકાનેરના નવાપરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કન્ટેનર ગાડી રિવર્સ લેવડાવતી વખતે વીજતાર કન્ટેનરને અડતા વીજ-કરંટ લાગતા ૩૬ વર્ષીય યુવકનું મોત થયું હતું. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, વાંકાનેરના નવાપરા ખડીપરામાં રહેતા ગોરધનભાઈ ધીરુભાઈ ધરજીયા ઉવ.૩૬ ગઈકાલ તા.૨૬/૧૨ના રોજ નવાપરા જી.આઇ.ડી.સી. બરફના કારખાના પાસે જી.આઈ.ડી.સી. ખાતે બરફના કારખાના પાસે કન્ટેનર ગાડી રિવર્સ લેવડાવી રહ્યા હતા, આ દરમિયાન ગાડી ઉપરથી પસાર થતી ઈલેક્ટ્રિક લાઇનને કન્ટેનર અડી જતા અને ત્યારે ગોરધનભાઇ કન્ટેનરને અડતા તેઓને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. આ કરંટ લાગવાથી ગોરધાનભાઈનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ. મોતની એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

# પેલેસ રોડ પર નીલકંઠ જવેલર્સમાં સોનાનો પેન્ડન્ટ સેટ ચોરી કરનાર મહીલાની ધરપકડ

## ભાવતાલમાં રકજક કરી સોનાનો દાગીનાનું બોક્ષ પર્સમા રાખી શો-રૂમમાંથી નીકળી ગઈ, એ.ડિવિઝન પોલીસે મહિલા તસ્કરને સકંજામાં લીધી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેલેસ રોડ પર ભગવતી ફાસ્ટ ફૂડની સામે આવેલ નીલકંઠ જવેલર્સના સ્ટાફની નજર ચૂકવી બે મહિલા સોનાનો પેન્ડન્ટ સેટ ચોરી નાસી છૂટતાં પોલીસમાં દોડધામ મચી હતી અને એક મહિલાને સકાંજામાં લઈ પૂછ્તાછ હાથ ધરી હતી.બનાવ અંગે અયોધ્યા ચોક પાસે બંસી રેસિડેન્સીમાં રહેતાં ધ્રુવિતભાઈ કેતનભાઈ ધોળકીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બે અજાણી મહિલાનું નામ આપી જણાવ્યું હતું કે, તેને પેલેસ રોડ પર આવેલ ભગવતી ફાસ્ટ ફૂડની સામે, નીલકંઠ જવેલર્સ નામની સોના ચાંદીના દાગીનાનો શો-રૂમ આવેલ છે. શો-રૂમમા સંબંધી કંદર્પભાઈ ધોળકીયા ભાગીદાર છે.

બપોરના સમયે તે અને શો રૂમનો સ્ટાફ શો-રૂમે હા જર હતા ત્યારે સવા ત્રણ વાગ્યાની આસપાસ બે અજાણી મહિલાઓ શો-રૂમે આવેલ અને તેમને એક સોનાની વાળી તથા એક સોનાનો પેન્ડન્ટ સેટ લેવો હોય જેથી સ્ટાફે તેમને વાળી અને પેન્ડન્ટ સેટ બતાવેલ, બાદ મહિલાઓએ વાળીનુ કોટેશન કઢાવેલ જેમા તેમને ભાવ વધારે લાગતો હોય જેથી તેઓ બંને રકઝક કરી અને કોઈ પણ ઘરેણા લીધા વગર જતી રહેલ હતી. બાદ સાંજના આશરે પાંચ વાગ્યાની આસપાસ તેઓ શો રૂમનો સ્ટોક મેળવતા હતા ત્યારે સ્ટોકમા એક પેન્ડન્ટ સેટ (એક પેન્ડલ તથા એક જોડી બુટી) ઘટતો હતો. જેથી દુકાનના કેમેરા જોયેલ તો બપોરના સમય દરમ્યાન બે અજાણી મહિલાઓ શો રૂમમાં આવેલ અને આ દરમ્યાન સ્ટાફ તેમને સોનાની વાળી તથા સોનાનો પેન્ડન્ટ સેટ બતાવતા હતા.ત્યારે આ અજાણી મહિલાઓમાથી એક મહિલાએ સ્ટાફની નજર ચુકવી ચોરી છુપી રીતે રૂ.૯૦ હજારની કિંમતનો એક પેન્ડન્ટ સેટ લઈ તેમની સાથે રહેલ એક નાના બોક્ષમા રાખી તે બોક્ષ તેના પર્સમા રાખી બાદ થોડીવાર પછી શો રૂમમાથી આ બંને મહિલાઓ જતી રહેલ હોવાનુ સીસીટીવી કેમેરામાં જોવામાં આવતાં ફરીયાદ નોંધાવી હતી. બાદ માં એ ડિવિઝન પોલીસે મહિલા ની ધરપકડ કરી છે

# જંગલેશ્વરમાં બાંધકામો તોડી પાડવાની નોટીસ ફટકારતા કોંગ્રેસની વિરાટ રેલી

## લોક ભાગીદારીના નામે કાયદેસરના મકાનો તોડી પાડી બિલ્ડરને ખટાવવાનો પ્લાન હોવાનો કોંગ્રેસનો આક્ષેપઃ કલેક્ટરને આવેદન પાઠવી ઉગ્ર રજુઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારના ૧૪૦૦ જેટલા કુટુંબોને વૈકલ્પીક જગ્યા ફાળવ્યા વગર કલેકટર તંત્ર દ્વારા ડીમોલીશનની નોટીસ ફટકારાતા તેના વિરોધમાં કોંગ્રેસે બાયો ચડાવી લડતના મંડાણ કર્યા છે. જેમાં આજે ક્રિષ્ના ચોક-હુડકો કવાર્ટર વિસ્તારમાં જંગી સભા અને ત્યારબાદ ક્રિષ્ના ચોકથી સોરઠીયાવાડી સર્કલ સુધી વિરાટ રેલી આયોજીત કરી જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશને આ અંગે આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ, ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, લાલજીભાઈ દેસાઈ શહેર કોંગ્રેસના પ્રમુખ રાજદિપસિંહ જાડેજા,પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી ડો. હેમાંગ વસાવડા,



જશવંતસિંહ ભટ્ટી, વશરામ સાગઠીયા સહિતના આગેવાનોની આગેવાની હેઠળ જંગલેશ્વરના અસરગ્રસ્તોને સાથે રાખી આ રજૂઆત કરવામાં આવી હતી.

જેમાં જંગલેશ્વરના અસરગ્રસ્તોને પહેલા વૈકલ્પીક જગ્યા ફાળવ્યા પછી જ ડીમોલીશનનું શસ્ત્ર ઉગાવવામાં આવે તેવી માંગણી ઉઠાવવામાં આવી હતી. આ મુદ્દે ક્રિષ્ના ચોકમાં યોજાયેલ જંગી સભામાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, રાજદિપસિંહ જાડેજા, અતુલ રાજાણી સહિતના આગેવાનોએ કલેકટર તંત્ર અને રાજય સરકારની નિતી રીતિ સામે આક્રોશવ્યકત કર્યો હતો. ક્રિષ્ના ચોકથી સોરડીયાવાડી સર્કલ સુધી યોજાયેલ રેલીમાં ૫૦૦૦ જેટલા અસરગ્રસ્તો ઉમટી પડયા હતા.

આ બાબતે શહેર કોંગ્રેસના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા તથા પૂર્વે પ્રમુખ અતુલભાઈ રાજાણીએ જણાવ્યુ હતું કે કલેકટર તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ૪૦-૫૦ વર્ષથી વસવાટ ૬૦૦૦ કુટુંબો પૈકીના ૧૪૦૦ કુટુંબોને ડીમોલીશનની નોટીસ ફટકારવામાં આવી છે. આ પૂર્વ ટીપી સ્કીમ નં. ૬ના અલગ અલગ ખંડની જમીન પર પ્રારંભીક તબકકે કલેકટર તંત્ર દ્વારા દબાણ દેખાડવામાં આવેલ છે. પરંતુ ૩૫ હજાર લોકો આ વિસ્તારમાં ૪૦થી ૫૦ વર્ષથી વસવાટ કરી રહ્યા છે. અત્યાર સુધી વહીવટી તંત્ર કયા હતું. કોઈપણ જાતની નીતિ સ્પષ્ટ કરવામાં આવેલ નથી.

જો તંત્ર અહીં રીવરફ્રન્ટ બનાવવા માંગતું હોય તો રીવરફ્રન્ટ માટે આટલી મોટી જગ્યાની જરૂરીયાત રહેતી નથી. વર્તમાન સમયમાં સરકાર પીપીપી યોજનાના રૂપકડા નામે લોકોના કાયદેસરના મકાનો પાડી બિલ્ડરોને જગ્યા ફાળવી મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યાની ફરીયાદ પણ આ તકે આગેવાનોએ કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં રોજીરોટી કમાવવા માટે ૪૦-૫૦ વર્ષથી વધતા શ્રમિકો, કામદારો, સફાઈ કર્મચારીઓ, કડીયા સહિતના ગરીબ લોકોએ રાજકોટના નિર્માણમાં મુખ્ય ફાળો પ્રદાન કર્યો છે. તેઓને ૨૫-૫૦ વાની જગ્યાનો અધિકાર છે.પરંતુ રિવરફ્રન્ટ જેવા રૂપાળા નામથી લોકોને વિકાસની વાત સમજાવી ભાજપ સરકાર તંત્રનો ઉપયોગ કરી ભ્રષ્ટાચાર કરવા ઈચ્છતી હોવાનો આક્ષેપ તેઓએ કર્યો હતો.

ભાજપના ભ્રષ્ટાચાર કરતા ૩૫ હજાર લોકો બેઘર ન થાય તે માટે કાર્યવાહી કરવા આગેવાનોએ જણાવી ઉમેયું હતું કે સરકાર ગરીબોને એક ઘર આપી શકતી નથી જેથી ગરીબો-શ્રમિકો મફતીયાપરામાં વસી દેશના વિકાસમાં સહભાગી રહ્યા હોય ગરીબોના મકાનો નહીં તોડવા આગેવાનોએ જણાવ્યું હતું.

# સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશન શહેરમાં જયપુર ફૂટ કેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને એચ.પી. હેતલભાઈ રાજયગુરૂ ના સંયુક્ત ઉપક્રમે તા. ૧/૦૧/૨૦૨૬ ના રોજ જયપુર ફૂટ કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને એચ.પી. હેતલભાઈ રાજયગુરૂ જણાવ્યા અનુસાર આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા. ૧/૧ થી ૩/૧ સુધી જાન્યુઆરી માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૧/૧ ગુરુવારના રોજ સવારે ૮ઃ૩૦ કલાકે ખાસ સરગમ ભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા / કમાણી ફાઉન્ડેશન તેમજ એચ.પી. રાજયગુરૂ ના હેતલભાઈ રાજયગુરૂ તથા કમાણી ફાઉન્ડેશન ના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પ ડો. પ્રવિણભાઈ એલ. રાજયગુરૂ ની પુણ્ય સ્મૃતિ માં યોજાશે. આ કેમ્પ ને સફળ બનાવવા શ્રી જે.કે. સરાઠે તેમજ સરગમ કલબના કમીટી મેમ્બર આ કેમ્પ માં રાજસ્થાન ના ડોકટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા, તુફનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દીઓને વિના મુલ્યે ચા - પાણી આપવામાં આવે છે.

# જેતપુરના ચાંપરાજપુર ગામે ખુટિયો બાઈક સાથે અથડાતા યુવાનનું મોત



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના ચાંપરાજપુર ગામનો પટેલ યુવાન મોટર સાયકલ લઈને જૂનાગઢ જતો હતો ત્યારે રસ્તામાં ખૂંટીયો આડો ઉતરતા સર્જાયેલ અકસ્માતમાં યુવાનનું સારવાર દરમ્યાન મોત નીપજયું હતું. ચાંપરાજપુર ગામે રહેતા અલ્પેશભાઈ મનસુખભાઈ બુટાણી ઉવ. ૩૮ નામનો યુવાન ગતરોજ પોતાનું મોટર સાયકલ લઈને જૂનાગઢ જતો હતો. ત્યારે જેતલસર ગામ પાસે ઓવરબ્રીજથી નીચે ઉતરતા રોડ પર ડિવાઈડર કૂદીને એક ખૂંટીયો અચાનક આડો ઉતરતા અલ્પેશભાઈ મોટર સાયકલ સાથે ખૂંટીયા સાથે ટકરાતા માથામાં તેઓ રોડ પર પટકાયા જે - ૧ાથી તં'માજ શરીરન્દ અન્ય ભાગમાં ગંભીર ઈજા પહોંચી અને લોહીલુહાણ હાલતમાં રોડ પર પડયા હતાં. ત્યારે ત્યાં પસાર થતા વાહન ચાલકોએ ઈમરજન્સી એમ્બ્યુલન્સને બોલાવી સારવાર માટે જેતપુર સરકારી હોસ્પીટલ ખસેડયા હતાં. ત્યાં પ્રાથમિક સારવાર આપી વધુ વધુ સારવાર માટે રીફર કર્યા છતાં સારવાર માટે રીફર કરતા હતાં.જૂનાગઢ માથામાં હેમરેજ થઈ ગયું હોય સારવાર કારગત ન નિવેડતા તેઓનું સારવાર દરમ્યાન મોત નીપજયું હતું. મૃતકના નિધનથી તેઓના પરીવારનો આધાર સ્તંભ ગુમાવ્યો હતો. તેમજ નાના સંતાનો પરથી પિતાની છત્રછાયા ચાલી ગઈ હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ખાંભાના નાનાવિસાવદર ગામે એસએમસીનો દરોડોઃ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે



## વિદેશી દારૂના કટીંગ વેળાએ એસએમસી ત્રાટકીઃ ૧૨૭૨૬ બોટલ દારૂ, ચાર વાહનો સાથે ગારીયાધારના બુટલેગરની ધરપકડઃ વાહન માલિકો સહિત દસ શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ ઉપર જ હોય તેમ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અનેક શહેરોમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલા વાહનો પહોંચી જાય છે. ત્યારે એસએમસીની ટીમ પણ સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી આવા ગેરકાયદેસર દારૂના જથ્થાને ઝડપી લેવામાં સફળ રહી છે ત્યારે વધુ એકવાર ખાંભાના નાનાવિસાવદર ગામે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીની ટીમે દારૂના જથ્થાનું કટીંગ થાય તે પૂર્વે દરોડો પાડી રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ગારીયાધારના બુટલેગરની ધરપકડ કરી વધુ ૧૦ આરોપીઓની શોધખોળ આદરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલદિપ્ત રાયની સુચનાના પગલે ગુજરાતમાં ૩૧ ફર્સ્ટ પૂર્વે દારૂનો જથ્થો ધુસાડતા બુટલેગરો સામે બાજ નજર રાખી કડક કાર્યવાહી કરવાની સુચનાના પગલે પીએસઆઇ એસ.વી.ગરચર સહિતનો સ્ટાફ અમરેલી જીલ્લામાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નાનાવિસાવદર ગામે ૩૧ ફસ્ટ પૂર્વે વિદેશી દારૂના મોટા જથ્થાનું કટીંગ થવાનું હોય જેથી એસએમસીની ટીમે દરોડો પાડતા નાનાવિસાવદર ગામની સીમમાં વિદેશી દારૂની ૧૨૭૨૬ બોટલ કિંમત રૂ.૫૯.૭૪ લાખના જથ્થા સાથે ગારીયાધારનો તનવીર નસીર હુસેન નામનો શખ્સ ઝડપાઇ ગયો હતો જયારે ચાર વાહનો જેમાં મહિન્દ્રા પીકઅપ વાન નંબર જીજે૩૨ટીર૧૯૯નો ડ્રાયવર, જીજે૧૦ટીવી૯૫૧૨નો ચાલક, જીજે૦૩બીડબલ્યુ૨૯૨૩નો ચાલક, ટ્રક નંબર જીજે૦૩બીઝેડ૦૧૮૧, બાઇકનો ચાલક તથા નાનાવિસાવદર ગામના ત્રણ અજાણ્યા શખ્સો સહિત નવ સ્થળ પરથી વાહનો મુકી નાસી જતા પોલીસે કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી દસથી વધુ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# ઓનલાઇન રોકાણમાં વધુ વળતર આપવાની લાલચ આપી વેપારી સાથે રૂ.૪૦.૭૮ લાખની છેતરપિંડી

## યુવતીએ ફેસબુકમાં મેસેજ કર્યો અને યુવકે કંપનીના કર્મચારીની ઓળખ આપી શિકાર બનાવ્યાઃ વધુ રકમ જમા કરવાનુ કહેતા જાણ થઇ,સાયબર ક્રાઈમમાં ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગોલીડા (હડમતિયા) ગામે રહેતા અને કુવાડવા જીઆઈડીસી ખાતે દવાઓ બનાવવાની ફેક્ટરી બનાવતા વેપારીને ડેક્સ ટ્રેડ કંપનીમાં રોકાણમાં વધુ વળતર આપવાની લાલચ આપી ઓનલાઈન રૂ.૪૦.૭૮ લાખની ઠગાઇ થયાની ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસે યુગલ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ, રાજકોટના ગોલીડા (હડમતીયા) ગામે રહેતા અને કુવાડવા જીઆઈડીસી ખાતે આટકોટીયા એગ્રો ટેકનેલોજી નામે એગુ કલ્ચર પેસ્ટી સાઈટ દવા બનાવવાનો વ્યવસાય કરતા ભાવેશભાઈ ધીરજભાઈ આટકોટીયાએ સાયબર ક્રાઈમ પોલીસમાં યુવતી સહિત બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યુ હતું કે, અઢી મહિના પહેલા તે તેની કંપનીમાં હતો ત્યારે ફેસબુક એકાઉન્ટ પર શ્રેષ્ઠી નામની મહિલાએ ફ્રેન્ડ રીક્વેસ્ટ બેચી હતી. જેથી તેણે રીકવેસ્ટ સ્વીકાર્યા બાદ બન્ને વચ્ચે વાતચીત શરૂ થઇ હતી ત્યાર બાદ તેણે તેનો વોટ્સએપ નંબર આપ્યો હતો અને નિયમિત મેસેજ અને વાતો કરતા હોય પંદર દિવસ બાદ તેણે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું જણાવ્યું હતું. બાદમાં તેણે ના પાડી હતી. થોડા દિવસ બાદ ડ્રેગ્સ ટ્રેડ સાઇડ નામની વેબસાઈટમાં રોકાણ કરવા જણાવ્યું હતું. જે મુજબ મુજબ તેણે વેબસાઇટ પર રજીસ્ટ્રાર કરાવ્યું હતું અને તેણે બલબીરસિંઘ નામના વ્યક્તિનો નંબર આપ્યો હતો. એક વાત કરાવી હતી ત્યારે બલબીરસિંઘે તેને વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા. બાદમાં તેણે બેન્ક ખાતામાંથી રૂ.૪૦.૭૮ લાખ જમા કરાવ્યા હતા અને ટ્રેડીંગ ટીપ્સ મુજબ ટ્રેડીંગ કરતા હોય જેમાં તેણી બેલેન્સ ૧૩૭.૧૭૪ યુએસ ડોલર બતાવતી હતી. પરંતુ જયારે એ રકમ વિડ્રો કરવાની વાત કરતા તેણે વિવિધ ચાર્જ. ટેક્સ, વિરેફિકેશન ફી સહિતની રકમ જમા કરવાની વાત કહેતા તેની સાથે ઠગાઈ થયાની જાણ થઇ હતી. તેણે તુરંત જ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સોનીબજારમાં વેપારીના રૂ.૩૬.૪૦ લાખના સોનાના દાગીના કારીગર ચોરી ગયો

## દાગીના બનાવવાની મજુરી કામ કરતો કારીગર દોઢ માસથી કામે આવતો હતોઃ વહેલી સવારે ચોરી કરનાર શખ્સ CCTVમાં કેદ શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બઝારમાં દાગીના બનાવવાનુ કામ કરતા વધુ એક કારીગરે દુકાનમાંથી સોનાના દાગીના ચોરી કરી નાસી જતા એડીવીઝન પોલીસે તપાસ કરતા બંગાળી વેપારીની પેઢીમાંથી કારીગર રૂ.૩૬.૪૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ગયો હોય અને સીસીટીવીમાં કેદ થઈ જતા પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.



આ અંગેની માહિતી મુજબ મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ પેલેસ રોડ પર રહેતા સૌમેન રામચંદ્ર સામંતાએ ફરીયાદ કરી હતી જેમા તેને જણાવ્યુ હતુ કે તે સોની બઝારમાં બોઘાણી શેરીમાં 'શિવ દુર્ગા જવેલર્સ' નામની દુકાનમાં દાગીના બનાવવાનુ કામ કરતા હોય અને તેની દુકાનમાં અન્ય ૧૫ કારીગરો પણ મજુરી કામ કરે છે. આ કારીગરો પૈકી પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાનો વતની અજય બબલુ માલીક પણ છેલ્લા દોઢ મહિનાથી ત્યાં કામ કરતો હતો. તાજેતરમાં તા. ૧૦/૧૨/૨૦૨૫ના વેપારીએ તેના કારીગર અજય ને ૨૨ કેરેટ સોનાના ૩૨૦ ગ્રામ દાગીના બનાવવા માટે આપ્યા હતા. ત્યારબાદ તા. ૧૨/૧૨/૨૦૨૫ના સવારે જ્યારે વેપારી દુકાને પહોંચ્યા ત્યારે અજય ત્યાં હાજર નહોતો અને તેનો ફોન પણ બંધ આવતો હતો. શંકા જતાં દુકાનના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા જેમાં કારીગર અજય માલીક વહેલી સવારે ટેબલના ખાનામાંથી સોનાના દાગીના કાઢીને ચોરી કરીને જતો દેખાઈ રહ્યો હતો. જોકે આરોપી વેપારીના વતનનો હોય જેથી તેણે વતનમાં અને અન્ય સ્થળે અજયનો સંપર્ક કરવાની કોશિશ કરી હતી પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# રાજકોટની પરિણીતાએ પ્રેમીને પામવા પતિ સાથે છૂટાછેડા લેવાની જીદ સાથે એસિડ ગટગટાવ્યુ

## પડધરીમાં માવતરે ગયેલી પરિણીતાએ પિતા પર દબાણ લાવવા પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતી પરિણીતા પડધરીમાં તેના પિતાને ઘરે હતી ત્યારે પ્રેમીને પામવા પતિ સાથે છુટાછેડા લેવા માટે પિતા પર દબાણ લાવવા એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા શાંતિનગરમાં રહેતી રાજલબેન રાહુલભાઈ મકવાણા નામની ૩૫ વર્ષની પરિણીતા પડધરીમાં રહેતાં પિતા ગોવિંદભાઈના ઘરે હતી ત્યારે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી.

પ્રાથમિક પુછ પરછ માં રાજલબેનના ૧૦ વર્ષ પહેલા રાહુલ મકવાણા સાથે લગ્ન થયા છે અને તેમને સંતાનમાં બે પુત્ર છે. રાજલ મકવાણાના હાજાપરના જયેશા નામના યુવાન સાથે છેલ્લા ચાર વર્ષથી આંખ મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો છે. રાજલબેને પ્રેમીને પામવા પતિ રાહુલ સાથે છુટાછેડા અપાવી દયો તેવું પિતાને કહી એસિડ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પડપરી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ પરી છે.

# રણુજાનગરમાં કચરા મુદ્દે કજીયોઃ કાકાજી અને કાકીજીને ભત્રીજા વહુએ માર માર્યો

## મિલક્ત બાબતે ઝઘડો કરી હુમલો કર્યાનો દંપતિનો સનસનીખેજ આરોપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારિયા ચોકડી નજીક આવેલા રણુજાનગરમાં રહેતા દંપતિને ભત્રીજા-વહુએ ઝઘડો કરી માર મારતા બંન્ને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. 'મારા ઘરમાં કચરો કેમ નાખ્યો' તેમ કહી ભત્રીજા વહુએ પથ્થર વડે હુમલો કર્યો હતો. જયારે મિલકત પ્રશ્ને અવાર નવાર ઝઘડો કરતા હોવાનુ આક્ષેપ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કોઠારિયા ચોકડી નજીક બ્રહ્માણી હોલ પાસે આવેલા રણુજાનગરમાં રહેતા ઈરવાબેન વિમલભાઇ ટાંક (ઉ.વ.૪૨) અને તેના પતિ વિમલભાઈ ગુણવતભાઈ ટાંક (ઉ.વ.૪૪) આજે સવારે ઘરે હતા ત્યારે તેની ભત્રીજા વહુ પાયલ જયદીપભાઈ ટાંકે ઝઘડો કરી પથ્થર વડે માર મારતા વિમલભાઈ પડી જતા બેભાન થઈ ગયા હતા. જેથી વિમલભાઈ અને તેમના પત્નીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં ભત્રીજા વહુ પાયલ મકાનમાં નીચેના માળે રહેતી હોય અને ઈરવાબેન ઉપર રહેતા હોય આજે સવારે ભત્રીજા વહુએ ઈરવાબેનને મારા ઘરમાં કચરો કેમ નાખ્યો તેમ કહી ઝઘડો કરી માર મારતા પતિ વિમલભાઈ છોડવવા વચ્ચે પડતા તેમને પણ પથ્થર મારી દીધો હતો. વધુ તપાસમાં મિલકત - બાબતે ભત્રીજા વહુ અવાર નવાર ઝઘડો કરી હેરાન કરતી હોય અને અગાઉ પાંચ વખત ભક્તિનગર પોલીસમાં અરજી કરી હોવાનુ પણ જણાવ્યુ હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# યુવાને માનસિક બિમારીથી કંટાળી ફાંસો ખાઇ કર્યો આપઘાત

## ઢોલરામાં એસિડ પી લેનાર યુવતીએ સારવારમાં દમ તોડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ગામમાં આવેલી માટેલ સોસાયટીમાં માનસિક બિમારીથી કંટાળી યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.



જાણવા મળતી વિગત મુજબ મવડી ગામમાં સ્વામીનારાયણ ગુરુકુળ પાછળ આવેલી માટેલ સોસાયટી શેરી નં.૪માં રહેતા દિલીપ જીલુભાઈ સોઢીયા (ઉ.વ.૩૭)નામના યુવાને આજે વહેલી સવારે પોતાના ઘરે પાઈપમાં દોરડુ બાંધી ગળાફાંસો ખાઇ લેતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહીં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક દિલીપભાઈને માનસિક બિમારી હોય જેનાથી કંટાળી આ પગલું ભરી લીધાનું ખુલવા પામયુ છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

ઢોલરામાં રહેતી બંસી અનિલભાઈ ચાંડપા નામની ૧૮ વર્ષની યુવતીએ આશરે ૧૫ દિવસ પહેલા પોતે પોતાના ઘરે કોઈ કારણોસર એસિડ પી જતા પ્રથમ સારવાર દોશી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલત-માં લાવતા ઈમરજન્સી વિભાગમાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. મૃતકના પિતા અનિલભાઈ પ્રેમજીભાઈ ચાંડપા કારખાનામાં મજૂરી કામ કરે છે. બંસી ૩ બહેનમાં નાની હતી. તેણે ક્યાં કારણોસર આ પગલું ભર્યું? તે જાણવા ન મળતા પોલીસે વધુ તપાસ હાથ પરી છે.

# શહેરમાં થટી ફર્સ્ટ દરમ્યાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## મંજુરી વગરના પાર્ટીઓ કરનાર આયોજક સામે કાર્યવાહી કરાશેઃ પોલીસની ટીમ ફાર્મ હાઉસોમાં ડ્રોન દ્વારા વોચ રખાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં થર્ટી ફર્સ્ટ દરમ્યાન પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. તેમજ કાલાવાડ રોડ,રેસકોષ રીંગ રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ સહિતના વિસ્તારોમાં ક્રાઈમ બાંચ,પીસીબી,એસઓજી તેમજ લોકલ એલસીબીની ટીમો સતત પેટ્રોલીંગમાં રહેશે. તેમજ મંજુર વગર પાર્ટીઓ કરનાર આયોજકો સામે કાર્યવાહી કરવામાં આવશે અને ખાનગી ફાર્મ હાઉસોમાં ડ્રોનની મદદથી વોચ રાખવામાં આવશે. રાજકોટમાં નવા વર્ષને આવકારવા યુવાવર્ગ દ્વારા થતી ઉજવણીઓ કરવામાં આવતી હોય પોલીસે પણ થી ફર્સ્ટ દરમ્યાન કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે પોલીસ કમીશનર બજેશ કુમાર ઝા દ્વારા ચુસ્ત પેટ્રાલીંગનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમા ક્રાઈમ બ્રાંચ,પીસીબી,એસઓજી તેમજ લોકલ એલસીબી સહીતી અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. ૩૧મી રાત્રીના ૮ વાગ્યાથી પોલીસ દ્વારા પેટ્રોલીંગ શરૂ કરવામાં આવશે તેમજ કેટલાક મહત્વના ચોક પાસે વાહન ચેકીંગ શરૂ કરવામાં આવશે અને નશો કરી નીકળતા વાહન વાહન ચાલકો સામે ગુના નોધી કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં મુખ્ય માર્ગો તેમજ હાઈવે ઉપર પોલીસની ટીમો દ્વારા નાકાબંધી શંકાસ્પદ વાહનોની તલાસી લેવામાં આવશે. તેમજ થી ફર્સ્ટમાં ઈન્વેસ્ટ અને ફાર્મ હાઉસોના આયોજકોને પોલીસની મંજુરી લેવાની રહેશે અને મંજુરી વગરના ફાર્મ હાઉસ તેમજ ઈન્વેસ્ટના આયોજકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમજ શહેરની ભાગોળે ફાર્મ હાઉસોમાં ડ્રોન દ્વારા વોચ રાખવામાં આવશે.

# પરપૂરૂષ સાથે વાત કરવાની ના કહેતા પૂત્રવધુએ સાસુને પાટીયાથી ફટકાર્યા

## અમારા બંને વચ્ચે આવીશ તો જાનથી મારી નાખીશ' કહી માર મારી આપી ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વાજડીગામે વહુએ સાસુને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. પુત્રવધૂને અન્ય યુવક સાથે બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલી પુત્રવધૂએ પોતાની સગી સાસુ પર લાકડાના પાટીયુ માથામાં ઝીંકી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગતો મુજબ, વાજડી ગામમાં વિવિપી એન્જિનિયરિંગ કોલેજ પાસે રહેતા અને મેટોડા જીઆઈડીસીમાં મજુરી કામ કરતા ૫૦ વર્ષીય અમૃતાબેન ભલાભાઈ વાળાએ પોતાની પુત્રવધૂ કાજલ રવિ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી પોલીસ મથકમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૩/૧૨/૨૦૨૫ ના સવારે અમૃતાબેન કામ પર જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં તેમને તેમની પુત્રવધૂ કાજલ સામી મળી હતી. અમૃતાબેને પુત્રવધૂને 'તું રાજુ સાથે કેમ બોલે છે?'' તેમ પૂછતા કાજલ ઉશ્કેરાઈ ગઈ હતી અને ''હું તો રાજુ સાથે બોલીશ જ.' તેવો વળતો જવાબ આપ્યો હતો.

આ વાતની લઈને જાહેરમાં સાસુ-વહુ વચ્ચે રકઝક થઈ હતી જેમાં કાજલે અચાનક ઉશ્કેરાઈને અમૃતાબેનને ગાળો ભાંડી નજીકમાં પડેલા લાકડાના ઢગલામાંથી એક પાટીયું ઉપાડી સાસુના માથામાં ફટકારી દીધું હતું. હુમલા બાદ અમૃતાબેને બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. લોકો ભેગા થતા કાજલબેને ધમકી આપી હતી કે, 'જો તું અમારા બંનેની વચ્ચે આવીશ તો તને જાનથી મારી નાખીશ.'' રાહદારીઓએ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત અમૃતાબેનને હોસ્પિટલ ખસેડયા હતા.જ્યાં માથાના ભાગે મુંઢ ઈજા માટે સારવાર આપવામાં આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, કાજલને રાજુ નામના વ્યક્તિ સાથે મિત્રતા હોય, જે સાસુને પસંદ નહોતું. આ બાબતે સમજાવવા જતાં પુત્રવધૂએ હુમલો કર્યો હતો.બનાવ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# છેતરપીંડીના ગુન્હામાં પાંચ મહિનાથી નાસતા ફરતા વૃધ્ધની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં નાસતાફરતા આરોપીઓને પકડવા અંગે ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમને ઉચ્ચ અધિકારી દ્વારા સુચના આપવામાં આવતા પીએસઆઇ આર.એચ.ઝાલા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે અગાઉ તાલુકા પોલીસ સ્ટેશનના છેતરપીંડીના ગુન્હામાં પ્રભુદાસ સેવાદાસ ઉર્ફે રામદાસ સોલંકી (રહે.ફલા ગામ, સંતોષી માતાના મંદિરની બાજુમાં, તાલુકો ધ્રોલ)ને કાલાવડથી પોલીસે દબોચી લઇ કબ્જો તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# રંગીલા સોસાયટીમાં મિત્રના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પર અજાણ્યા શખ્સો તૂટી પડયા

## અન્ય ઘટનામાં પરિણીતાએ ફીનાઈલ પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર નવાગામમાં આવેલી રંગીલા સોસાયટીમાં મિત્રના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન ઉપર અજાણ્યા શખ્સોએ હૂમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.



આ અંગે જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ પર નવાગામમાં આવેલી રંગીલા સોસાયટીમાં રહેતાં જયેશ રાજુભાઈ સનુરા નામનો ૧૮ વર્ષનો યુવાન સત્રીના અગીયારેક વાગ્યાના અરસામાં પોતાના ઘર નજીક હતો ત્યારે અજાણ્યા ભરવાડ જેવા શખ્સોએ પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જયેશ બંગડી બનાવવાનું કામ કરે છે. તેના મિત્ર મિતુલ સાથે કોઇ ભરવાડ શખ્સો ઝઘડો કરતાં હોવાથી જયેશ ત્યાં જોવા ગયો હતો અને મિત્રને બચાવવા વચ્ચે પડતાં મિતુલ ભાગી ગયો હતો. આ વખતે અજાણ્યા શખ્સોએ જયેશ ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીજા બનાવમાં પોપટપરા વિસ્તારમાં રહેતી નેન્સીબેન ચિરાગભાઈ મજેઠીયા નામની ૨૫ વર્ષની પરિણીતા બપોરના દોઢેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ફીનાઇલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

# થર્ટી ફર્સ્ટ પૂર્વે ગ્લાસ ફાયબરના રો-મટીરીયલ્સની આડમાં આવતો ૭.૪૩ લાખનો દારૂ ઝડપાયો

## ૧,૯૬૫ બોટલ દારૂ, મોબાઈલ અને ટ્રક મળી ૧૯.૪૮ લાખના મુદ્દામાલ સાથે ચાલક ઝડપાયો; કુખ્યાત બુટલેગર સહિત બેની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે અમદાવાદ થીરાજકોટ તરફ વિંગ્સ એગ્રીકલચરની સામેના ભાગે સર્વિસ રોડ ઉપરથી આઈસર ટ્રકમાં ગ્લાસ ફાયબરના રો-મટીરીયલ્સની આડમાં લાવવામાં આવેતા રૂ.૭,૪૩,૬૩૫ ની કિંમતની વિદેશી દારૂની ૧,૯૬૫ બોટલ સાથે ચાલકને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ અને ટ્રક મળી રૂ.૧,૯૪૮, ૬૩૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.







રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેર કાયદેસર પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે પી.સી.બી. ઈ/ચા પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન રાજકોટ અમદાવાદ હાઇવે અમદાવાદથી રાજકોટ તરફ વિંગ્સ એગ્રીકલચરની સામેના ભાગે સર્વિસ રોડ ઉપરથી આઈસર ટૂંકમાંથી ગ્લાસ ફાયબરના રો-મટીરીયલ્સની આડમાં દારૂનો જથ્થો લાવવામાં આવતો હોવાની બાતમીના આધારે પોલીસ વોચમાં ગોઠવાઈ હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલો જી.જે.૧૩.એ.ડબલ્યુ. ૮૩૬૪ નંબરનો આઇસર ટ્રક શંકાસ્પદ લાગતા તેને રોકી તલાસી લેતા તેમાંથી રૂ.૭,૪૩,૬૩૫ ની કિંમતની વિદેશી દારૂની ૧,૯૬૫ બોટલ મળી આવતા ટ્રક ચાલક ખોડાભાઈ નાથાભાઈ માલકીયા (રહે.ખોરાણા તા. ચોટીલા)ને ઝડપી લીધો હતો.

અગાઉ વિદેશી દારૂના અસંખ્ય ગુનામાં ઝડપાયેલા રાજકોટના લીસ્ટેડ બુટલેગર યાકુબ મુસાભાઈ મોટાણીએ દમણથી રાજકોટ ખાતે હમીદ જીકરભાઈ પરમારને દારૂનો જથ્થો મોકલ્યો હોવાનું ખુલતા પોલીસે યાકુબ મુસાભાઈ મોટાણી (રહે.હાલ-દમણ) અને હમીદ જીકરભાઈ પરમાર (રહે. ભગવતીપરા)ની શોધખોળ હાથ ધરી છે.